Tuesday
25.06.2024
✳Volume :8 ✳ Issue No.335
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

વિશ્વાસથી વિકાસ યાત્રા

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

✳Managing Editor: Arjun Sondarva

✳Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

૧૮મી લોકસભાના પ્રથમ સત્રના પ્રારંભ પૂર્વે પ્રધાનમંત્રીનું સંબોધન

"આજનો દિવસ સંસદીય લોકશાહીમાં ગૌરવનો દિવસ છે, તે ભવ્યતાનો દિવસ છે. આઝાદી પછી પહેલી વાર આપણી નવી સંસદમાં આ શપથ લેવામાં આવી રહ્યા છે"

૨૫ જૂન એ ૫૦ વર્ષ પહેલા આજના જ દિવસે બંધારણ પર કાળો ધબ્બો લગાવવામાં આવ્યો હતો. અમે એ સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરીશું કે દેશમાં આવો ડાઘ ક્યારેય ન લાગે"

"હું દેશવાસીઓને ખાતરી આપું છું કે અમારા ત્રીજા કાર્યકાળમાં, અમે ત્રણ ગણી મહેનત કરીશું અને ત્રણ ગણા પરિણામો પ્રાપ્ત કરીશું"

આઝાદી પછી બીજી વખત કોઈ સરકારને સતત ત્રીજી વખત દેશની સેવા કરવાની તક મળી છે. આ તક ૬૦ વર્ષ પછી આવી છે"

"અમારું માનવું છે કે સરકાર ચલાવવા માટે બહુમતી જરૂરી છે પરંતુ દેશને ચલાવવા માટે સર્વસંમતિ ખૂબ જ મહત્વપૂર્ણ છે"

"દેશને સૂત્રોની જરૂર નથી, તેને સાર્થકતાની જરૂર છે. દેશને એક સારા વિપક્ષની જરૂર છે, એક જવાબદાર વિપક્ષની જરૂર છે"

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે ૧૮મી લોકસભાનું પ્રથમ સત્ર શરૂ થતાં અગાઉ મીડિયાને સંબોધન કર્યું હતું. પ્રધાનમંત્રીએ પોતાના નિવેદનની શરૂઆત આજના અવસરને સંસદીય લોકતંત્રમાં ગૌરવશાળી અને ભવ્ય દિવસ ગણાવીને કરી હતી કારણ કે આઝાદી બાદ પહેલીવાર નવી સંસદમાં શપથ ગ્રહણ સમારોહ થશે. પ્રધાનમંત્રીએ કહ્યું કે, "આ મહત્વપૂર્ણ દિવસે, હું નવા ચૂંટાયેલા તમામ સાંસદોનું હાર્દિક સ્વાગત કરું છું અને દરેકને અભિનંદન આપું છું." આ સંસદની રચનાને ભારતનાં સામાન્ય માનવીનાં ઠરાવોને પૂર્ણ કરવાનાં સાધન તરીકે ગણાવીને પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે, આ નવા ઉત્સાહ સાથે નવી ઝડપ અને ઊંચાઈ હાંસલ કરવાની મહત્ત્વપૂર્ણ તક છે. તેમણે કહ્યું કે, વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના નિર્માણ કરવાનાં લક્ષ્યાંકને સાકાર કરવા માટે આજે ૧૮મી લોકસભા શરૂ થઈ રહી છે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે, વિશ્વની સૌથી મોટી ચૂંટણીનું ભવ્ય આયોજન ૧૪૦ કરોડ નાગરિકો માટે ગર્વની વાત છે. પ્રધાનમંત્રીએ આનંદ સાથે કહ્યું કે, "૬૫ કરોડથી વધારે મતદાતાઓએ ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લીધો", તેમણે કહ્યું કે, આઝાદી પછી આ માત્ર બીજી વખત છે, જ્યારે દેશે કોઈ સરકારને ત્રીજી વખત સેવા કરવાનો જનાદેશ આપ્યો છે. તેમણે કહ્યું કે, "આ તક ૬૦ વર્ષ પછી આવી છે, જે તેને પોતાનામાં જ એક ગૌરવશાળી ઘટના બનાવે છે." પ્રધાનમંત્રી મોદીએ ત્રીજી ટર્મ માટે સરકારને ચૂંટી કાઢવા બદલ નાગરિકો પ્રત્યે આભાર વ્યક્ત કર્યો અને કહ્યું કે આ સરકારના ઈરાદા, નીતિઓ અને લોકો પ્રત્યેના સમર્પણ પર મંજૂરીની મહોર મારે છે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે, "છેલ્લાં ૧૦ વર્ષમાં અમે પરંપરા સ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો છે, કારણ કે અમે માનીએ છીએ કે સરકાર ચલાવવા માટે બહુમતી જરૂરી છે, પણ દેશને ચલાવવા માટે સર્વસંમતિ અતિ મહત્ત્વપૂર્ણ છે." તેમણે જણાવ્યું કે, ૧૪૦ કરોડ નાગરિકોની આશાઓ અને આકાંક્ષાઓ પૂર્ણ કરવા સર્વસંમતિ સાધીને અને સૌને સાથે રાખીને મા ભારતીની સેવા કરવાનો સરકારનો સતત પ્રયાસ રહ્યો છે. સૌને સાથે લઈને ચાલવાની અને ભારતના બંધારણના દાયરામાં રહીને નિર્ણય લેવાની પ્રક્રિયાને ઝડપી બનાવવાની જરૂરિયાત પર ભાર મૂકીને પ્રધાનમંત્રીએ ૧૮મી લોકસભામાં શપથ લેનારા યુવા સાંસદોની સંખ્યા પર ખુશી વ્યક્ત કરી હતી. ભારતીય પરંપરાઓ અનુસાર ૧૮ નંબરના મહત્વ પર ભાર મૂકતા પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, ગીતામાં ૧૮ અધ્યાય છે, જે કર્મ, કર્તવ્ય અને કરૂણાનો સંદેશ આપે છે, પુરાણો અને ઉપપુરાણોની સંખ્યા ૧૮ છે, ૧૮નો મૂળાંક ૯ છે જે પૂર્ણતાનું પ્રતીક છે અને ભારતમાં કાયદાકીય રીતે મતદાનની ઉંમર ૧૮ વર્ષ છે. શ્રી મોદીએ કહ્યું કે, "૧૮મી લોકસભા ભારતનો અમૃતકાલ છે. આ લોકસભાની રચના પણ એક શુભ સંકેત છે" પ્રધાનમંત્રીએ કાલે ૨૫ જૂને કટોકટીનાં ૫૦ વર્ષ પૂરાં થવાનો ઉલ્લેખ કરતા કહ્યું કે આ ભારતીય લોકતંત્ર પર એક કાળો ડાઘ છે. શ્રી મોદીએ કહ્યું કે, ભારતની નવી પેઢી એ દિવસને ક્યારેય નહીં ભૂલે, જ્યારે લોકશાહીને દબાવીને ભારતનાં બંધારણને સંપૂર્ણપણે નકારી કાઢવામાં આવ્યું હતું અને દેશને જેલ બનાવી દેવામાં આવ્યો હતો. પ્રધાનમંત્રી મોદીએ નાગરિકોને ભારતની લોકશાહી અને લોકશાહી પરંપરાઓની રક્ષા માટે સંકલ્પ લેવા માટે પ્રોત્સાહિત કર્યા જેથી આવી ઘટના ફરી ક્યારેય ન સર્જાય. પ્રધાનમંત્રીએ કહ્યું કે, "અમે એક જીવંત લોકશાહીનો સંકલ્પ લઈશું અને ભારતના બંધારણ અનુસાર સામાન્ય લોકોનાં સપનાંઓને સાકાર કરીશું." પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે, લોકોએ ત્રીજી મુદત માટે સરકારને ચૂંટી હોવાથી સરકારની જવાબદારીમાં ત્રણ ગણો વધારો થયો છે. તેમણે નાગરિકોને ખાતરી આપી કે સરકાર પહેલા કરતા ત્રણ ગણી વધુ મહેનત કરશે જ્યારે ત્રણ ગણા સારા પરિણામો પણ લાવશે. નવા ચૂંટાયેલા સાંસદો પાસેથી દેશની ઊંચી અપેક્ષાઓની નોંધ લઈને પ્રધાનમંત્રીએ તમામ સાંસદોને આગ્રહ કર્યો કે તેઓ આ તકનો ઉપયોગ લોકકલ્યાણ અને જાહેર સેવા માટે કરે તથા જાહેર હિતમાં શક્ય તમામ પગલાં ભરે. વિપક્ષની વાત કરતા પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે, દેશના લોકો તેમની પાસે લોકતંત્રની ગરિમા જાળવી રાખીને પોતાની ભૂમિકા પૂરી રીતે નિભાવે તેવી અપેક્ષા રાખે છે. તેમણે વધુમાં કહ્યું કે, "હું આશા રાખું છું કે વિપક્ષો તેમાં યોગ્ય પુરવાર થશે." શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે, લોકો સૂત્રોને બદલે સાર્થકતા ઈચ્છે છે.

તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે, સાંસદો સામાન્ય નાગરિકોની એ અપેક્ષાઓ પૂર્ણ કરવાનો પ્રયાસ કરશે. પ્રધાનમંત્રીએ તમામ સાંસદોની જવાબદારી પર ભાર મૂકતા કહ્યું કે તેઓ સામૂહિક રીતે વિકસિત ભારતના સંકલ્પને પૂર્ણ કરે અને લોકોનો વિશ્વાસ મજબૂત કરે. તેમણે કહ્યું કે, ૨૫ કરોડ નાગરિકો ગરીબીમાંથી બહાર આવે તે એક નવો વિશ્વાસ ઊભો કરે છે કે ભારત સફળ થઈ શકે છે અને બહુ જલદી ગરીબીમાંથી મુક્તિ મેળવી શકે છે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક કહ્યું કે, "આપણા દેશના ૧૪૦ કરોડ નાગરિકો, સખત મહેનત કરવામાં પીછેહઠ કરતા નથી. આપણે તેમને મહત્તમ તકો પૂરી પાડવી જોઈએ." તેમણે કહ્યું કે, આ ગૃહ સંકલ્પોનું ગૃહ બનશે અને ૧૮મી લોકસભા સામાન્ય નાગરિકોનાં સ્વપ્નોને સાકાર કરશે. પ્રધાનમંત્રીએ સાંસદોને અભિનંદન આપીને પોતાના વક્તવ્યનું સમાપન કર્યું અને સંપૂર્ણ સમર્પણ સાથે તેમને તેમની નવી જવાબદારી અદા કરે તેવો આગ્રહ કર્યો.

કેન્દ્રિય જલશકિત મંત્રીશ્રી સી.આર.પાટીલના અધ્યક્ષસ્થાને આરોગ્ય અને શિક્ષણક્ષેત્રે વિવિધ પ્રકલ્પોનો લોકાર્પણ સમારોહ કાર્યક્રમ યોજાયો

ગુજરાત કેમિકલ પોર્ટ લિમિટેડ, દહેજના સહયોગથી આરોગ્ય ક્ષેત્રે ૧૬૦ લાખ અને શિક્ષણ ક્ષેત્રે ૩૮ લાખના સાધનોનું લોકાર્પણ કરાયું

'જલશકિતને જનશક્તિની જરૂર છે.'- જલશક્તિ મંત્રાલય મંત્રીશ્રી સી. આર. પાટીલ

દરેક નાગરિકને પોતાના ઘરમાં રેઇનવોટર હાર્વેસ્ટ પધ્ધતિ અપનાવવા અનુરોધ કરતા જલશક્તિ મંત્રાલય મંત્રીશ્રી સી.આર. પાટીલ

કમલમ્ ન્યુઝ,

ગણદેવી રોડ સ્થિત બી.આર.ફાર્મ ખાતે ગુજરાત કેમિકલ પોર્ટ લિમિટેડ, દહેજના સહયોગથી નવસારીના સાંસદ અને ભારત સરકારના જલશક્તિ મંત્રાલય મંત્રીશ્રી સી. આર. પાટીલના અધ્યક્ષસ્થાને તથા આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર, ગ્રામ વિકાસના રા.ક. મંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિ સહિત મહાનુભાવોની ઉપસ્થિતીમાં નવસારી જિલ્લામાં આરોગ્ય અને શિક્ષણક્ષેત્રે વિવિધ પ્રકલ્પોનો લોકાર્પણ સમારોહ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ભારત સરકારના કેબિનેટ મંત્રીશ્રી સી.આર. પાટીલે અધ્યક્ષસ્થાનેથી પ્રાસંગિક ઉદ્બોધન કરતા જણાવ્યું હતું કે, જલ શક્તિ મંત્રાલયનું કામ ખુબ મોટું છે જેમા આપ સૌનો સાથ સહકારની જરૂર છે. તેમણે પોતાની આગવી રીતે 'જલશકિતને જનશક્તિની જરૂર છે' એમ જણાવી દરેક નાગરિકને પોતાના ઘરમાં રેઈનવોટર હાર્વેસ્ટ પધ્ધતિ અપનાવવા આહવાન કર્યું હતું. તેમણે પાણી બચાવવાથી મોટૂં કોઈ સેવા કાર્ય નથી એમ ઉમેર્યું હતું. વધુમાં દક્ષિણ ગુજરાત પાણીની દ્રષ્ટીએ સમૃધ્ધ પ્રદેશ છે. વૃક્ષોની સંખ્યા પણ પર્યાપ્ત છે પરંતુ વૃક્ષોના નિકંદન થકી ક્લાઈમેટ ચેન્જની સમસ્યા વધી છે જેના માટે આપણે વધુમાં વધુ વૃક્ષો વાવી તેનું જતન કરવુ જોઈએ. જે પ્રમાણે સ્વચ્છ ભારત મિશનને નવસારી જિલ્લાની જાહેર જનતાએ અપનાવીને નવસારીને સમગ્ર દેશમાં સૌથી સ્વચ્છ શહેર બનાવ્યું હતું, તેવી જ રીતે પાણીની જાળવણી કરી રેઈનવોટર હાર્વેસ્ટીંગ અપનાવી નવસારીને પાણીદાર બનાવીએ એમ કેન્દ્રિય મંત્રીશ્રીએ ખાસ અનુરોધ કર્યો હતો. અંતે તેમણે ગુજરાત કેમિકલ પોર્ટ લિમિટેડના સીએસઆર ફંડ થકી વિવિધ જરૂરીયાતમંદ બાબતોમાં સામાજિક ઉત્થાનમાં મદદરૂપ બન્યા છે. કોરોના કાળમાં પણ જ્યારે ઈન્ડસ્ટ્રી બંધ હતી ત્યારે કંપનીએ સ્વયં નાગરિકોને અનાજ પહોચાડવામાં મદદ કરી હતી એમ ઉમેરી કંપનીને અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે આરોગ્ય વિભાગના વિવિધ પ્રતિનિધિઓને કેબિનેટ મંત્રીશ્રી સહિત મહાનુભાવોના હસ્તે સાધન સહાય અર્પણ કરાયા હતા. બોક્ષ- યુનીયન કેબીનેટ મંત્રી - જલ શક્તિના વરદ હસ્તે આરોગ્ય ક્ષેત્રે ૧૬૦ લાખ અને શિક્ષણ ક્ષેત્રે ૩૮ લાખના સાધનોનું લોકાર્પણ કરાયું

આરોગ્ય ક્ષેત્રે : ૧૬૦ લાખનુ યોગદાન :- ચીખલી: સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ ખાતે નવજાત શિશુઓની સારવાર માટે ફ્રેંઝે વોર્ડનાં અદ્યતન ઉપકરણો - બીલીમોરા : જનરલ હોસ્પિટલ ખાતે ઓર્થોપેડિક વિભાગ માટે એક્સ-રે મશીન તેમજ લેબોરેટરી વિભાગ માટે મશીન સહીત અદ્યતન ઉપકરણો ગણદેવી CHC : ઓર્થોપેડિક વિભાગ માટે એક્સ-રે મશીનની CR સીસ્ટમ સાથે ડિજિટલ પ્રિન્ટર & 125 KV જનરેટર મશીન વાંસદા : કોટેજ હોસ્પિટલ ગાયનેક વિભાગ માટે સોનોગ્રાફી મશીન માંડવી સુરત : તેજસ આઈ હોસ્પિટલમાં આંખના ઓપરેશન માટે સેન્ચ્યુરિયન ફેકોઈમલ્સિફિકેશન સિસ્ટમ મશીન શિક્ષણ ક્ષેત્રે : ૩૮ લાખનું યોગદાન માનવ કલ્યાણ ટ્રસ્ટ: Education For All અંતર્ગત સ્માર્ટ ક્લાસની પહેલ અન્વયે સ્માર્ટ બોર્ડ, સ્માર્ટ લેબ વિગેરેની અર્પણ કરાયા. કાર્યક્રમમાં જીસીપીએલના મેનેજીંગ ડાયરેક્ટરશ્રી હેમંતભાઈ દેસાઈએ ગુજરાત કેમિકલ પોર્ટ લિમિટેડ, દહેજની વિવિધ કામગીરી અંગે સૌને અવગત કરાયા હતા. આ સમારોહમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી પરેશભાઈ દેસાઈ, ધારાસભ્યશ્રી નરેશભાઈ પટેલ- ગણદેવી, જિલ્લાકલેક્ટરશ્રી ક્ષિપ્રા આગ્રેસહિત વિવિધ પદાધિકારીશ્રીઓ, માનવ કલ્યાણ ટ્રસ્ટના પ્રતિનિધિઓ અને મુકબધિર બાળકો સહિત જાહેર જનતા બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી)ના ૯ વર્ષ: ગુજરાતના શહેરોમાં લાખો પરિવારોને મળ્યું 'પોતાના સપનાનું ઘર'

અત્યારસુધીમાં ગુજરાતના શહેરી વિસ્તારોમાં ૮.૫૨ લાખ આવાસોનું નિર્માણ

કમલમ્ ન્યુઝ, ગાંધીનગર

દેશના શહેરી તેમજ ગ્રામીણ વિસ્તારોમાં વસતા ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને પોસાય તેવી કિંમતોએ પાકાં મકાનો ઉપલબ્ધ કરાવવાના હેતુથી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૧૫માં પ્રધાનમંત્રી આવાસ યોજનાનો પ્રારંભ કર્યો હતો. છેલ્લાં ૯ વર્ષોમાં આ યોજના હેઠળ દેશના લાખો પરિવારોને પોતાના સપનાનું ઘર મળ્યું છે, જેનાથી તેમનું જીવનધોરણ પણ ઊંચું આવ્યું છે. પ્રધાનમંત્રી આવાસ યોજના ગુજરાત રાજ્યમાં પણ સફળતાપૂર્વક અમલમાં મૂકવામાં આવી છે, અને દેશના અન્ય રાજ્યોની સરખામણીએ ગુજરાત તેના અમલીકરણમાં અગ્રેસર છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) હેઠળ કુલ ૮.૫૨ લાખ આવાસોનું નિર્માણકાર્ય પૂરું કરવામાં આવ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ભારત દેશની આઝાદીના ૧૦૦ વર્ષ પૂર્ણ થવા પર 'વિકસિત ભારત @૨૦૪૭' નો સંકલ્પ આપ્યો છે, જેમાં દેશમાં તમામ પાસે પાકું ઘર હશે. વિકસિત ભારતના આ સંકલ્પને સાકાર કરવામાં મુખ્ય ભૂમિકા ભજવવાના ઉદ્દેશ સાથે ગુજરાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ 'વિકસિત ગુજરાત @૨૦૪૭'નો રોડમેપ તૈયાર કરી લીધો છે. રાજ્યમાં તમામ લોકોને પોતાના સપનાનું ઘર મળે તે માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધતાથી કાર્યરત છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી)

જૂન ૨૦૧૫માં જાહેર થયા બાદ, પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) હેઠળ ગુજરાત રાજ્ય માટે અંદાજિત માંગ મુજબ ૭.૬૪ લાખ આવાસોનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો હતો, જેની સામે આજ દિન સુધીમાં કુલ ૯.૭૮ લાખ આવાસો મંજૂર કરવામાં આવ્યા છે. આ મંજૂર થયેલ આવાસોમાંથી ૮.૫૫ લાખ જેટલા આવાસોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું છે.

ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત ૧ લાખથી વધુ આવાસોનું બાંધકામ પૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે, જે માટે ૧૦૬૬ કરોડની રકમની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત, વર્ષ ૨૦૨૪-૨૫ માટે પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત ૬૫,૦૦૦થી વધુ આવાસોનું બાંધકામ પૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે, જે માટે ૧૩૨૬.૯૩ કરોડની માતબર રકમની જોગવાઈ કરવામાં આવી છે. પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી)ના ક્રેડિટ લિંક સબસીડી ઘટક હેઠળ ૬.૧૩ લાખથી પણ વધુ લાભાર્થીઓને તેમના પ્રથમ આવાસ પર લીધેલ લોન પર વ્યાજ સહાયનો લાભ અપાવવામાં ગુજરાત દેશમાં અન્ય રાજ્યોની સરખામણીમાં અગ્રસ્થાને છે.

આ ઉપરાંત, કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૨૦માં આત્મનિર્ભર ભારત અભિયાન હેઠળ એફોર્ડેબલ રેન્ટલ હાઉસીંગ કોમ્પ્લેક્સીસ યોજના હેઠળ શહેરી ગરીબો અને કામદારોને સસ્તા ભાડાના આવાસો પૂરા પાડવા માટે જાહેરાત કરવામાં આવી હતી. આ જાહેરાત થયાના ત્રણ જ માસમાં ગુજરાતના સુરત શહેરના સુડા વિસ્તારમાં નિર્માણ થયેલ ૩૯૩ આવાસોને મોડેલ-૦૧ અંતર્ગત ભાડાના મકાનોમાં રૂપાંતરિત કરીને પ્રોજેક્ટની મંજૂરી મેળવનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું. ગ્લોબલ હાઉસિંગ ટેકનોલોજી – ઈન્ડિયાના લાઈટ હાઉસ પ્રોજેક્ટ (LHP) માટે ગુજરાતના રાજકોટ શહેરની પસંદગી કરવામાં આવી છે, જ્યાં ટનલ ફોર્મવર્ક દ્વારા મોનોલિથિક કોંક્રીટ કન્સ્ટ્રક્શન ટેકનોલોજીનો ઉપયોગ કરીને આવાસો બનાવવામાં આવ્યા છે. આ પ્રોજેક્ટ અંતર્ગત, રાજકોટ ખાતે EWS-2 પ્રકારના કુલ ૧૧૪૪ આવાસોનું નિર્માણ કરવામાં આવ્યું છે, જેનું લોકાર્પણ વડાપ્રધાનશ્રી દ્વારા ઓક્ટોબર ૨૦૨૨માં કરવામાં આવ્યું હતું. ગુજરાત રાજ્યના તમામ શહેરોના લાભાર્થીઓને પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ના ઓછામાં ઓછા એક ઘટકનો લાભ આપવામાં આવ્યો છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) માટે ગુજરાતને અત્યારસુધીમાં કુલ ૧૪ એવોર્ડ

વર્ષ-૨૦૧૭માં કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને ક્રેડિટ લિંક સબસીડી હેઠળ પ્રથમ સ્થાન એનાયત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વર્ષ ૨૦૧૯માં કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) માટે ૬ એવોર્ડ આપવામાં આવ્યા હતા, જે નીચે મુજબ છે:

૧. પોલિસી ઈનિશિયેટીવ
૨. બેસ્ટ એફોર્ડેબલ હાઉસીંગ પ્રોજેક્ટ ઓન પ્રાઈવેટ લેન્ડ
૩. બેસ્ટ ઈન-સીટુ સ્લમ રીહેબીલીટેશન પ્રોજેક્ટ

આ ઉપરાંત, વર્ષ ૨૦૧૯ માં જ BLC (બેનિફિશિયરી લેડ કન્સ્ટ્રકશન) ઘટક અંતર્ગત ગુજરાત રાજ્યના ૩ લાભાર્થીઓને બેસ્ટ હાઉસ કન્સ્ટ્રકશન કેટેગરીના એવોર્ડ આપવામાં આવ્યા હતા. ત્યારબાદ, વર્ષ ૨૦૨૨માં કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) માટે ૭ કેટેગરીમાં એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા, જે નીચે મુજબ છે:

૧. બેસ્ટ પર્ફોર્મિંગ સ્ટેટ ફોર ઈમ્પ્લીમેન્ટેશન ઓફ CLSS
૨. બેસ્ટ પર્ફોર્મિંગ સ્ટેટ ફોર ઈમ્પ્લીમેન્ટેશન ઓફ ARHCs અંડર મોડલ-૦૧
૩. બેસ્ટ AHP પ્રોજેક્ટ અંડર PPP મોડેલ
૪. બેસ્ટ સ્ટેટ ફોર કન્વર્જન્સ વિથ અધર મિશન
૫. સ્ટેટ વિથ મેક્સિમમ ટેક્નોગ્રાહી વિઝિટ એટ LHP સાઈટ
૬. બેસ્ટ પર્ફોર્મિંગ SLTC અંડર PMAY (U)
૭. બેસ્ટ પર્ફોર્મિંગ મ્યુનિસિપલ કાઉન્સિલ (ઉના નગરપાલિકા)

તંત્રી સ્થાનેથી......

સમગ્ર રાજ્યને "પોલિયો મુક્ત" કરવાના હેતુસાથે રાજ્યભરમાં તા. ૨૩ થી ૨૫ જૂન સુધી "પોલિયો રસીકરણ અભિયાન"નો શુભારંભ કરવામાંઆવ્યો છે.જે અંતર્ગતસુરેન્દ્રનગર જિલ્લામાંઇન્ચાર્જ કલેકટર અનેજિલ્લા વિકાસઅધિકારીશ્રી રાજેશતન્નાના હસ્તેજોરાવરનગર અર્બન હેલ્થ સેન્ટર ખાતેથી "પોલિયોરસીકરણ અભિયાન"નોપ્રારંભ કરવામાં આવ્યો હતો. આ તકે શ્રી રાજેશ તન્નાએ ૦ થી ૫ વર્ષના દરેક બાળકને પોલિયોના બે ટીપાં અચૂક પીવડાવવાની અપીલ કરી હતી. આ પ્રસંગે સુરેન્દ્રનગર નગરપાલિકા કારોબારીચેરમેનશ્રી જીતેન્દ્રસિંહ ચાવડા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો. પી. કે. શ્રીવાત્સવ, તાલુકા હેલ્થ ઓફિસરશ્રીડો. હરિતપાદરીયા, જિલ્લાઆઇ.ઈ.સી.અધિકારીશ્રી નરેશ પ્રજાપતિ, જોરાવરનગર અર્બન હેલ્થ સેન્ટરની તમામ ટીમ તેમજ ભૂલકાઓના માતા-પિતાબાળકો સાથેઉપસ્થિત રહ્યાહતાં. ઉલ્લેખનીય છે કે, જિલ્લાનાઆરોગ્ય વિભાગદ્વારા "પોલિયોરસીકરણ અભિયાન" હેઠળ કુલ ૦૩ દિવસ કામગીરી અંતર્ગત ૦ થી ૫ વર્ષની વય જૂથના ૨,૧૬,૦૧૬ હજારથી વધુભૂલકાઓને આવરીલેવાનું આયોજન છે. જે પૈકી આજ પ્રથમ દિવસે જ જિલ્લાના કુલ ૮૫૮ પોલિયો બુથમાં ૧,૮૫,૬૦૮ બાળકોનેપોલિયોની રસીપીવડાવી, ૮૬%જેટલી કામગીરી પૂર્ણ કરીદેવામાં આવીછે. આવતીકાલે તારીખ ૨૪અને ૨૫જૂન ૨૦૨૪ ના રોજ જિલ્લામાં આરોગ્ય કર્મચારીઓની કુલ ૧૭૧૬ ટીમ ઘેર ઘેર જઈને માર્કિંગકરશે અને બાકીરહેલ તમામ બાળકોનેપોલિયોની રસી પીવડાવી, જિલ્લાના તમામ બાળકોને પોલિયો મુક્ત કરવાની કામગીરી કરશે.

ભણતર અને ગણતરની સાથે વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભાવિનું ચણતર કરતી કામરેજતાલુકાની નવી પારડી 'સ્માર્ટ' પ્રાથમિક શાળા

અદ્યતન બિલ્ડિંગ, કમ્પ્યુટર લેબ, હરિયાળું કેમ્પસ, દિવ્યાંગોને અનુરૂપ શાળાની ગોઠવણ, ફાયર સેફટી, સ્માર્ટ ક્લાસરૂમ, ઈન્ટરનેટ કનેક્ટિવિટી, સી.સી.ટીવી, આર.ઓ વોટર ટેક સહિતની સુવિધાઓ આકર્ષણનું કેન્દ્ર

અધ્યયન નિષ્પત્તિ આધારિત ટીચિંગ લર્નિંગ મેથડ(TLM) સાથે બાળકોને વિવિધ વિષયોની સમજ અપાય છે

કમલમ્ ન્યુઝ,

આજના ઝડપી, ડિજિટલ ટેકનોયુગમાં શિક્ષણનું મહત્વ દિનપ્રતિદિન ખૂબ વધી રહ્યું છે. પુસ્તકીયાજ્ઞાન સાથેવ્યવહારૂ જ્ઞાન ધરાવતાબાળકનો વિકાસવધુ સારી રીતેથઈ શકે છે, ત્યારે ગમ્મત સાથે જ્ઞાન આપી ભણતરઅને ગણતરનો અદભૂત સુમેળ સાધતી સુરતના કામરેજ તાલુકાની 'નવી પારડી પ્રાથમિક શાળા' અનેક શાળાઓ માટે આદર્શ ઉદાહરણ છે. શાળાનું અદ્યતન બાંધકામ,કમ્પ્યુટર લેબ, ડિજિટલ કલાસરૂમ અને સમગ્ર શાળામાંઈન્ટરનેટ કનેક્ટિવિટીએ આશાળાને 'સ્માર્ટશાળા'માં ફેરવી નાંખીછે. મહાન ઋષિમુનિઓ અને વૈજ્ઞાનિકોના નામ ધરાવતા વિષયવાર વર્ગખંડો સ્માર્ટ બોર્ડની સાથે સી.સી.ટીવી અને લાઉડ સ્પીકર ધરાવે છે.હરિયાળું કેમ્પસ, સ્વચ્છતા, ફાયર સેફટી, પુસ્તકાલય, આર.ઓ વોટર ટેક, ૩૨ સીસીટીવી કેમેરાપણ શાળાની વિશેષતાઓમાં ઉમેરો કરે છે. ૧૯૭૩થી કાર્યરત નવી પારડી પ્રાથમિક શાળામાં હાલ ૨૪૩ છોકરાઓની સામે ૨૪૯ છોકરીઓમળીકુલ ૪૯૨ બાળકો બાળવાટિકાથી ધો.૮ સુધીઅભ્યાસ

શાળાઓના નવીનીકરણ બાદ લોકો ખાનગી શાળાની જગ્યાએ અમારી સરકારી શાળા તરફ આકર્ષાયા છે, જેથી બાળકોની સંખ્યામાં ધરખમ વધારો થયો છે

કરે છે. જેમાં આજુબાજુના ૭ ગામોના બાળકોનો પણ સમાવેશ થાય છે. નવી પારડી પ્રા.શાળાએ ૨ જિલ્લા કક્ષાઅને ૧ રાજ્ય કક્ષા મળી કુલ ૩ વખતસ્વચ્છતા એવોર્ડ તેમજ ગતવર્ષે તાલુકા કક્ષાએ શ્રેષ્ઠ શાળાતરીકે દ્વિતીયક્રમાંકનો એવોર્ડ પણ મેળવ્યો છે. શાળાની આગવી શિક્ષણ પદ્ધતિ અંગે આચાર્ય શ્રીમતિ ચૈતાલીબેન ભાવસાર જણાવે છે કે, અહીં બાળકોને અધ્યયન નિષ્પત્તિ આધારિત ટીચિંગ લર્નિંગ મેથડ(TLM) દ્વારા વિવિધ વિષયોની સમજ અપાયછે. થિયરીસહિત પ્રેક્ટિકલ જ્ઞાન આપવાથી બાળકની સમજશક્તિ મજબૂત બને છે. વધુમાં ભણતરની સાથે તેમના સર્વાંગી વિકાસને પ્રાધાન્ય આપતા અમે વિવિધ કૌશલ્ય આધારિત પ્રવૃત્તિઓ અને સ્પર્ધાઓ અવારનવાર યોજીએ છીએ. દર મહિને વિશેષ દિવસોની ઉજવણી, તાલુકા-જિલ્લા કે રાજ્ય કક્ષાની વિવિધ સ્પર્ધાઓ, પ્રદર્શન વગેરેમાં ભાગ લેવા પણ વિદ્યાર્થીઓને તક અને પ્રોત્સાહન આપીએ છે. તેમણે ઉમેર્યું કે, શાળાના પ્રાંગણમાં કિચન ગાર્ડન અને ઔષધિ ગાર્ડનના નિર્માણ અને તેની દેખરેખની પ્રવૃત્તિઓમાં પણ બાળકો સક્રિય ભાગીદારી નોંધાવે છે. જે તેમને પર્યાવરણનું બાહ્ય જ્ઞાન અને જવાબદારીનીસમજ પૂરીપાડે છે. સાથે જ શાળાના બગીચામાં થતી ઔષધિનો ઉપયોગ શાળાના શિક્ષકો સહિત દરેક વિદ્યાર્થી પણ કરે છે. અને અહીં ઊગતા શાકભાજીનો ઉપયોગ મધ્યાહ્ન ભોજન યોજનામાં બનતા ભોજનમાં કરાય છે, જે તેમનામાં 'સૌ સહુનું સહિયારૂં'ની ભાવના કેળવે છે. શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા વિષે વાત કરતાં આચાર્યશ્રી જણાવે છે કે, શાળાઓના નવીનીકરણ બાદ લોકો ખાનગી શાળાની જગ્યાએઅમારી સરકારી શાળા તરફ આકર્ષાયા છે, જેથી બાળકોની સંખ્યામાં પહેલા કરતાં ધરખમ વધારો થયો છે. પહેલા જ્યાં બાળકોની સંખ્યા ૩૫૦ આસપાસ રહેતી એ હવે છેલ્લા કેટલાક વર્ષોથી સરેરાશ ૫૦૦ જેટલી થઈ છે. જે સરકારી શાળાઓ માટે હકારાત્મક ટર્નિંગપોઈન્ટ છે. સાથે જ રાજ્ય સરકાર દ્વારા અપાતી અદ્યતનટેકનોલોજીયુક્ત સંસાધનો અને ભૌતિક સુવિધાઓ પણ ખૂબ

ભણતરની સાથે તેમના સર્વાંગી વિકાસને પ્રાધાન્ય આપતા વિવિધ કૌશલ્ય આધારિત પ્રવુતિઓ અને સ્પર્ધાનું આયોજન પણ કરીએ છીએ: :આચાર્ય ચૈતાલીબેન ભાવસાર

અગત્યનો ભાગ ભજવે છે. શાળાના પ્રાંગણમાં વિશેષરૂપે ટાઇલ્સ બ્લોકની ગોઠવણ, વર્ગખંડોની બહાર બ્રેઈલ લિપી લખાણ અને દિવ્યાંગ ટોઈલેટ સહિતની દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટેની સુવિધા ખાસ આકર્ષણનું કેન્દ્ર છે. શાળાના દરેક માળ પર પૂર, ભૂકંપ, આગ, વા-વંટોળ કે વાવાઝોડું, વીજળી સહિતની કુદરતીકે માનવસર્જિત આકસ્મિક પરિસ્થિતિઓ માટે આપત્તિ વ્યવસ્થાપન પ્લાન પ્રદર્શિત કરવામાં આવ્યા છે. સાથે જ આપત્તિના સમયે પ્રાથમિક મદદ માટેના દરેક ફોન નંબરો, બચાવ અમને સુરક્ષાના પગલાઓ જેવી વિગતો લાઈવ ડિસ્પ્લે થાય છે. તેમજ વિવિધ આપત્તિના સમયનું યોગ્ય માર્ગદર્શન આપીદર મહિને બાળકોની ભાગીદારી સાથેની લાઈફ સ્કીલ માટેની મોકડ્રીલ યોજવામાં આવેછે. શિક્ષણ પદ્ધતિ હોય કે આધુનિક સુવિધા 'જ્ઞાનના મંદિર'ની પરિભાષાને સર્વસાર્થક કરતી નવી પારડી પ્રાથમિક શાળા સાચે જ એક આદર્શપ્રાથમિક શાળા હોવાની સાબિતી પૂરી પાડે છે.'આધુનિક ટેકનોલોજીથી સજ્જ શાળામાં અમે સ્માર્ટ કલાસ વડે શિક્ષણ મેળવી છીએ': વિદ્યાર્થિની પ્રાચી વસાવાઃ નવી પારડી પ્રા.શા.ની ધો.૭ની વિદ્યાર્થિની પ્રાચી જણાવે છે કે, અમારી શાળા આધુનિક ટેકનોલોજીથી સજ્જ હોવાથી અમને સ્માર્ટ કલાસ વડે શિક્ષા આપવામાં આવે છે. સાથે જ શાળામાં અમને શિક્ષણ સિવાય કૌશલ્ય આધારિત પ્રવૃત્તિઓ અને સ્પર્ધાઓ પણ કરાવે છે. જેથી અમે કંઈક નવીન શીખવાની તક મળે છે.

કમલમ્ ન્યુઝ,

ધરમપુરના બામટી ગામમાં શનિ-રવિસાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો ગુજરાતસરકારના કમિશ્નરશ્રી, યુવક સેવાઅને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગરના ઉપક્રમે વલસાડજિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી દ્વારા જિલ્લા કક્ષાનો શનિ – રવિ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મુખ્યત્વે રાસ, ગરબા, લોકનૃત્યો, આદિવાસી નૃત્યો, ભવાઈ, માણભટ્ટ, કઠ્ઠપુતળી, શેરીનાટક, લોકડાયરો ભારતીય સંસ્કૃતિને પ્રતિબિંબીત કરતા નાટકો, સામાજિક સંદેશ આપતા નાટકો વગેરે વધુને વધુ લોકો સુધીપહોંચે તેહેતુથી ધરમપુરના બામટી ગામમાં આવેલી આદર્શ નિવાસી શાળામાં સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં આચાર્ય કાનુરબર્ડા પ્રાથમિક શાળા, જિલ્લા યુવા વિકાસ અધિકારી હિમાલી એમ.જોષી, મદદનીશ શિક્ષક પ્રકાશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. શનિ-રવિ સાંસ્કૃતિક કાર્યક્રમમાં કાનુરબર્ડા પ્રાથમિક શાળા દ્વારા સ્વાગત ગીત, આદર્શ નિવાસી શાળા દ્વારા આદિવાસી લોકનૃત્ય, ઈ.એમ.આર.એસ.કપરાડાદ્વારા ગરબા અને ઓમકાર કલાવૃંદ દ્વારા લોકડાયરો પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. ૩૫૦ જેટલી જનસંખ્યાએ ઉપસ્થિત રહીઆ કાર્યક્રમને નિહાળ્યો હતો.

"સુરેન્દ્રનગર જિલ્લામાં "પોલિયો રસીકરણ અભિયાન"નો જોરાવરનગર અર્બન હેલ્થ સેન્ટરથી પ્રારંભ કરાવતા ઈન્ચાર્જ કલેકટરશ્રી રાજેશ તન્ના

જિલ્લામાં ૦ થી ૫ વર્ષની વય જૂથના ૨,૧૬,૦૧૬ હજારથી વધુ ભૂલકાઓ, જે પૈકી પ્રથમ દિવસે જ ૮૬% જેટલી કામગીરી પૂર્ણ

કુલ ૮૫૮ પોલિયો બુથમાં ૧,૮૫,૬૦૮ બાળકોને પોલિયોની રસી પીવડાવવામાં આવી

કમલમ્ ન્યુઝ,સુરેન્દ્રનગરઃ

સમગ્ર રાજ્યને "પોલિયો મુક્ત" કરવાના હેતુ સાથે રાજ્યભરમાં તા. ૨૩ થી ૨૫ જૂન સુધી "પોલિયો રસીકરણ અભિયાન"નો શુભારંભ કરવામાં આવ્યોછે. જે અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લામાં ઈન્ચાર્જ કલેકટર અને જિલ્લા વિકાસઅધિકારીશ્રી રાજેશ તન્નાના હસ્તે જોરાવરનગર અર્બન હેલ્થ સેન્ટર ખાતેથી "પોલિયો રસીકરણ અભિયાન"નો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ તકે શ્રી રાજેશ તન્નાએ ૦થી ૫વર્ષના દરેક બાળકને પોલિયોના બે ટીપાં અચૂક પીવડાવવાની અપીલ કરી હતી. આપ્રસંગેસુરેન્દ્રનગર નગરપાલિકા કારોબારી ચેરમેનશ્રી જીતેન્દ્રસિંહ ચાવડા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો. પી. કે. શ્રીવાત્સવ, તાલુકા હેલ્થ ઓફિસરશ્રી ડો. હરિત પાદરીયા, જિલ્લા આઈ.ઈ.સી. અધિકારીશ્રી નરેશ પ્રજાપતિ, જોરાવરનગર અર્બન હેલ્થ સેન્ટરની તમામ ટીમ તેમજ ભૂલકાઓના માતા-પિતા બાળકો સાથે ઉપસ્થિત રહ્યા હતાં. ઉલ્લેખનીય છે કે, જિલ્લાના આરોગ્ય વિભાગ દ્વારા "પોલિયો રસીકરણ અભિયાન" હેઠળ કુલ ૦૩ દિવસ કામગીરી અંતર્ગત ૦ થી ૫ વર્ષની વય જૂથના ૨,૧૬,૦૧૬ હજારથી વધુ ભૂલકાઓને આવરી લેવાનુ આયોજન છે. જે પૈકીઆજ પ્રથમ દિવસે જ જિલ્લાના કુલ ૮૫૮ પોલિયો બુથમાં ૧,૮૫,૬૦૮ બાળકોને પોલિયોનીરસી પીવડાવી, ૮૬% જેટલી કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. આવતીકાલે તારીખ ૨૪અને ૨૫જૂન ૨૦૨૪ ના રોજ જિલ્લામાં આરોગ્ય કર્મચારીઓની કુલ ૧૭૧૬ ટીમ ઘેર ઘેર જઈને માર્કિંગ કરશે અને બાકી રહેલ તમામ બાળકોને પોલિયોની રસી પીવડાવી, જિલ્લાના તમામ બાળકોને પોલિયો મુક્ત કરવાની કામગીરી કરશે.

દાહોદ જિલ્લામાં ૩,૦૩,૦૦૭ બાળકોને પોલિયોના ટીપા પીવડાવવામાં આવ્યા

૧૪૦૯ રસીકરણ બૂથ, ૨૮૧૮ રસીકરણ ટીમ, ૧૦ મોબાઇલ ટીમ તથા ૭૩ ટ્રાન્ઝીસ્ટ ટીમ સાથે આરોગ્ય તંત્ર દ્વારા સઘન કામગીરી કરવામાં આવી

કમલમ્ ન્યુઝ,દાહોદ

આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય ભારત સરકાર દ્વારા પોલીયો નાબૂદીઅભિયાન કાર્યક્રમ અન્વયે દાહોદમાંદાહોદ સાંસદશ્રી જશવંતસિંહ ભાભોર દ્વારા સિંગવડ તાલુકાના દાસા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતેથી પોલિયોના ટીપાં પીવડાવીને શુભારંભ કરવામાંઆવ્યો હતો. તથા જીલ્લા પંચાયત પ્રમુખશ્રી કરણસિંહ ડામોર દ્વારા ચાંદાવાડા નંદઘર ખાતેથી પોલિયોના ટીપાં પીવડાવીને શુભારંભ કરવામાં આવ્યો હતો. સમગ્ર દેશમાં બાળકોને પોલિયોની રસીના બે ટીપાં પીવડાવી ભારતને પોલિયો મુક્તબનાવવા માટે સઘન કામગીરી કરવામાં આવશે. કુલ ત્રણ દીવસ સુધીઆ કાર્યક્રમચાલશે વધુમાંમુખ્ય જીલ્લાઆરોગ્ય અધિકારીશ્રી ડૉ. ઉદય ટીલાવતે જણાવ્યું હતું, કે કોઈ બાળક રહી જાય તે માટે ૨૪ અને ૨૫ જુને આરોગ્ય વિભાગની ટીમ દ્વારા ઘરે ઘરે જઈને બાળક રસીકરણથી બાકી નથી તેની ખાત્રી કરશે અને જો પોલીયો રસીકરણમાં બાળક બાકીહશે તોસ્થળ પર જ રસીકરણ કામગીરીકરવામાં આવશે.

થાનગઢ તાલુકાના દેવળીયા ગામે તળાવ ઊંડું કરવાની કામગીરીનું ખાતમુહૂર્ત કરતાં મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા

તળાવ ઊંડું થવાથી જળસંગ્રહ શક્તિ વધશે, પરિણામે આસપાસના વિનયગઢ, લાખામાચી સહિતના ૬ થી ૭ ગામના લોકોને લાભ થશે

"ભવિષ્યમાં પણ વધુમાં વધુ લોકોને લાભ મળી શકે તે માટે બાકી રહેતા અન્ય તળાવોને પણ તબક્કાવાર ઊંડા કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે" - મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા

કમલમ્ ન્યુઝ,સુરેન્દ્રનગરઃ

સુરેન્દ્રનગર જિલ્લામાં લોકોને પૂરતા પ્રમાણમાંપાણી મળી રહે તે સુનિશ્ચિત કરવામાટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે ત્યારે આજરોજ ગુજરાતસરકારના જળ સંપત્તિ અને પાણીપુરવઠા કેબિનેટ મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાનાં વરદ હસ્તે થાનગઢ તાલુકાના દેવળીયા ગામે યાંત્રિક મશીનરીથી તળાવ ઊંડું ઉતારવાની કામગીરીનું ખાતમુહૂર્ત શાસ્ત્રોક્ત વિધિ સાથે કરવામાં આવ્યું હતું. આ તકે મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યુંહતું કે, ગુજરાતમાં પાણીની સમસ્યા નિવારવા માટે અમલી 'સૌની' યોજનાનીજુદી જુદી લિંક થકી પાણીની સમસ્યા હળવી બની છે. સુજલામ સુફલામ્ યોજના થકી પાણીની સંગ્રહશક્તિમાંવધારો કરી કૃષિ ક્ષેત્રમાં હરિયાળી લાવી શક્યા છીએ. સુરેન્દ્રનગર જિલ્લામાં પણ પાણીની કોઈ સમસ્યા ન રહે તે માટે પૂરતા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ચાલુવર્ષે ૧૫૦થીવધુ તળાવોના પાળાવ્યવસ્થિત રીતે રિપેરિંગ કરીને ઊંડા કરવાની કામગીરી કરવામાં આવી છે. તેઓએ ઉમેર્યું હતું કે, દેવળીયા ગામના તળાવને ઊંડું કરવામાં આવી રહ્યું હોવાથી તળાવની જળસંગ્રહ શક્તિ વધશે. પરિણામે આ તળાવ થકી આસપાસના વિનયગઢ, લાખામાચી સહિતના ૬ થી ૭ ગામના લોકોને લાભ થશે. આસપાસના વિસ્તારમાં પાણીના તળ ઊંચા આવશે. તેમજ ભવિષ્યમાં પણ વધુમાં વધુ લોકોને લાભ મળીશકે તેમાટે તબક્કાવાર બાકી રહેતા અન્ય તળાવોને પણ ઊંડા કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે. આ તકે નાના ભૂલકાઓ સાથે ઉપસ્થિત મહિલાઓને ટકોર કરતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, શાળા પ્રવેશોત્સવ શરૂ થનાર છે ત્યારે કોઈપણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તેવાપ્રયાસો કરવા. તદુપરાંત ગ્રામજનોને શિક્ષણને લગતી જુદી જુદી યોજનાઓની જાણકારી આપી માહિતગાર કરવાની સાથે પ્રોત્સાહીત કર્યા હતા. ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ અને જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાના માર્ગદર્શન હેઠળ સિંચાઈ વિભાગ દ્વારા વિવિધજગ્યાઓએ તળાવોને ઊંડાકરવા તેમજ પાળાઓ મજબૂત કરવાનુંકામ ખુબ ઝડપથી કરવામાં આવી રહ્યુ છે. આ તકે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતના પદાધિકારીઓ, ગામના સરપંચશ્રી, અગ્રણીશ્રીઓ, ચોટીલાઆસિસ્ટન્ટ કલેકટરશ્રી કલ્પેશકુમાર શર્મા, સિંચાઈ વિભાગ, યાંત્રિક વિભાગ સહિતના સબંધિત વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

ઓલપાડ ખાતે વન અને પર્યાવરણ રાજયમંત્રી મુકેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને લોકપ્રશ્નોના નિરાકરણ અર્થે સમીક્ષા બેઠક મળી

વહીવટી પ્રક્રિયાનું સરળીકરણ કરીને આમજનતાની સુવિધાઓમાં વધારો થાય તે દિશામાં રાજ્ય સરકાર કાર્ય કરી રહી છેઃ વન મંત્રી મુકેશભાઈ પટેલ

અધિકારીઓને માનવીય અભિગમ સાથે અરજદારોના પ્રશ્નોનું નિરાકરણ કરવાનો અનુરોધ કરતા મંત્રીશ્રી મુકેશભાઈ પટેલ

કમલમ્ ન્યુઝ,

વન અને પર્યાવરણ, જળસંપતિ અને પાણી પુરવઠા રાજ્યમંત્રીશ્રીમુકેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને ઓલપાડ તાલુકા પંચાયતના સભાખંડમાં ઓલપાડ વિસ્તારના સર્વાંગી વિકાસ માટે રોડ-રસ્તા, સિંચાઈ, આરોગ્ય, પીવાના પાણી, વિજળી, ગેસ કનેક્શન જેવા લોકપ્રશ્નોના નિરાકરણ તેમજ વિભાગીય કામગીરીની સમીક્ષા માટે પાણી પુરવઠા, સિંચાઈ, ડી.જી.વી.સી.એલ., ડ્રેનેજ, ગુજરાત ગેસ, માર્ગ અને મકાન સ્ટેટ/પંચાયત, સરપંચશ્રીઓ, તલાટીઓ તથા અન્ય પદાધિકારીઓ તથા સુડા વિભાગના અધિકારીઓસાથે બેઠક મળી હતી. બેઠકમાં મંત્રીશ્રી મુકેશભાઈએ કહ્યું કે, વહીવટી પ્રક્રિયાનું સરળીકરણ કરીને લોકોની સુવિધાઓમાં વધારો થાય તે માટે રાજય સરકાર કાર્ય કરી રહી છે. તેમણે અધિકારીઓને માનવીય અભિગમ સાથે અરજદારોના પ્રશ્નોનું નિરાકરણ કરવાનો અનુરોધ કર્યો હતો.

ઓલપાડમાં સમાવિષ્ટ તમામ વિસ્તારોના લોકપ્રશ્નોના નિવારણ માટે પોતે હરહંમેશ પ્રતિબદ્ધ હોવાનુંજણાવીને ગામના સરપંચો અને તલાટીઓને નાણાકીય વર્ષમાં બાકી રહેલા કામને ઝડપભેર પૂર્ણ કરવા માટે સૂચના આપી હતી. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, લોકોની પાયાની જરૂરિયાત સંતોષાય એ માટે પાણી, વીજળી, ડ્રેનેજ, સિંચાઈ, કૃષિ, મહેસુલ, આરોગ્ય પ્રશ્નોના નિવારણને સરકારે પ્રાથમિકતા આપી છે, ત્યારે ઓલપાડ વિસ્તારના તમામ ગામના સરપંચો,તલાટીઓ તેમજ જાગૃત લોકોને લેખિતમાં પોતાની રજૂઆત આપવા અને આ રજૂઆતોને ન્યાય આપવા, સમાસ્યાઓનુંનિરાકરણ કરવાના શક્ય તમામ પ્રયાસો કરવામાં આવશે એમ ભારપૂર્વક જણાવ્યું હતું. તેમણે ઓલપાડ તાલુકાના દરેક ગામમાં મંજૂર થયેલા આવાસોની કામગીરી વહેલી તકે પુર્ણ કરવા માટે સરપંચો અને તલાટીઓને જણાવ્યું હતું.

ખેડૂતો કે સ્થાનિકોને પીવા અથવા સિંચાઈનાં પાણી માટે કોઈ પણ જાતની મુશ્કેલી ભોગવવી ન પડે એ માટે પાણી-પુરવઠા અને સિંચાઈ વિભાગના અધિકારીઓને સમયાંતરે તાલુકાઓની મુલાકાત લઈ સ્થાનિકોસાથે ચર્ચા કરી તેમના પ્રશ્નોને ઝડપથીનિવારવા મંત્રીશ્રીએ સુચન કર્યું હતું. બેઠકના અંતે મંત્રીશ્રીએ સરપંચો અને તલાટીઓએ પોતાના ગામમાં વૃક્ષા રોપણ કરીવૃક્ષોનું જતનકરવામાટે અનુરોધકર્યોહતો. આબેઠકમાંતા. પંચાયત પ્રમુખ નિતાબેન પટેલ, ઉપપ્રમુખ કિરણભાઈ પટેલ, કારોબારી અધ્યક્ષશ્રી જયેશભાઈ પટેલ, તાલુકાવિકાસ અધિકારીશ્રી હાર્દિક.એમ.ગઢવી, તા.સંગઠન પ્રમુખ બ્રિજેશભાઈ પટેલ, તાલુકા સંગઠનમહામંત્રીશ્રી કુલદીપભાઈ, જિલ્લા અને તાલુકા પંચાયતના સભ્યો સહિત વિવિધ વિભાગના અધિકારીઓ, સરપંચો, તલાટીઓ તથા પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવવાથી ઉત્પાદન ઓછું થતું નથી, ઉલટાનું ઉત્પાદન વધે છે અને તેની ગુણવત્તા પણ સુધરે છે : રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

અમદાવાદ ખાતે ખેતી બેંકની ૭૨મી વાર્ષિક સામાન્ય સભામાં ખેડૂત સભાસદો સાથે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના માર્ગદર્શનમાં આજે ગુજરાતમાં કૃષિક્ષેત્રે નવીન પરિવર્તનનો દોર ચાલી રહ્યો છે : વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીની પ્રોત્સાહક ઉપસ્થિતિ

કમલમ્ ન્યુઝ,

અમદાવાદ ખાતે ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેંક - ખેતી બેંકની ૭૨મી વાર્ષિક સામાન્ય સભા યોજાઈ હતી. આ પ્રસંગે રાજ્ય પાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ યોજાયો હતો. વિધાનસભા અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ અંતર્ગત રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ઉપસ્થિત ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અંગે માર્ગદર્શન પુરું પાડ્યા જણાવ્યું હતું કે,પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવવાથી ઉત્પાદન ઓછું થાય છે એ તદ્દન ખોટી માન્યતા છે. ઉલટાનું પ્રાકૃતિક કૃષિમાં ઉત્પાદન વધે છે અને વધુ સારી ગુણવત્તાવાળું સ્વાસ્થ્યપ્રદ ઉત્પાદન મળે છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ રાસાયણિક ખાતર અનેપેસ્ટીસાઇડ્સના બેફામ ઉપયોગથામાં ચેતવણી આપતાં કહ્યું કે, જો આ જ રીતે આપણે ખેતી કરતા રહીશું તો આવનારા વર્ષોમાં આપણી જમીન પથ્થર જેવી થઈ જશે, પાણી પીવાલાયક નહીં રહે, પ્રાકૃતિક કૃષિ અંગે માર્ગદર્શન પુરું પાડ્યા જણાવ્યું હતું કે,પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવવાથી ઉત્પાદન ઓછું થાય છે એ તદ્દન ખોટી માન્યતા છે. ઉલટાનું પ્રાકૃતિક કૃષિમાં ઉત્પાદન વધે છે અને વધુ સારી ગુણવત્તાવાળું સ્વાસ્થ્યપ્રદ ઉત્પાદન મળે છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ રાસાયણિક ખાતર અનેપેસ્ટીસાઇડ્સના બેફામ ઉપયોગથામાં ચેતવણી આપતાં કહ્યું કે, જો આ જ રીતે આપણે ખેતી કરતા રહીશું તો આવનારા વર્ષોમાં આપણી જમીન પથ્થર જેવી થઈ જશે, પાણી પીવાલાયક નહીં રહે, ભિનઆરોગ્યપ્રદ ખોરાકને કારણે કેન્સર, ડાયાબિટીસઅને હૃદયરોગ જેવા જીવલેણ રોગો વધશે, ધરતી વેરાન થઈ જશે. આપણી આવનારી પેઢીમાટે આપણેબર બાદીનો માર્ગ કંડારી રહ્યા છીએ. પ્રાકૃતિક ખેતી પદ્ધતિના અનેક ફાયદાઓ વિશે વાત કરતાંરાજ્યપાલશ્રીએજણાવ્યું હતું કે, પ્રાકૃતિક ખેતી અપનાવવાથી બે વર્ષમાં જમીનની ફળદ્રુપતા પાછી આવશે. જમીનની ભેજ સંરક્ષણ ક્ષમતા વધશે અને વધુને વધુ વરસાદી પાણી ભૂ ગર્ભ જળ સ્વરૂપે જમીનમાંઉતરશે. પ્રાકૃતિક કૃષિના પાંચ આયામો અપનાવવાથી જમીનમાં મિત્ર કીટક(જમીનમાં વસતા સૂક્ષ્મજીવો) વધશે. તેઓ વાતાવરણ માંથી શુદ્ધ નાઇટ્રોજન મેળવીને પાકને પૂરો પાડશે. જેના લીધે જમીનની ગુણવત્તા સુધરશે તેમજ શુદ્ધ ખોરાકના લીધે સમાજમાંગંભીર રોગોપણ ઓછા થશે. રાજ્ય પાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રાકૃતિક કૃષિ અને જૈવિક કૃષિ વચ્ચેનો તફાવત સમજાવતાં કહ્યું કે, ઘણાં ખેડૂતો પ્રાકૃતિક ખેતીને જૈવિક ખેતી (ઓર્ગેનિક ફાર્મિંગ) સમજે છે. જૈવિક ખેતી વિદેશી અળસિયા પર આધારિતહોય છે. તેમાંખૂબ મોટી માત્રામાં છાણ અને વિદેશથી આયાત કરેલા અળસિયા જોઈએ છે. આ પદ્ધતિ વધુ ખર્ચાળ અને પર્યાવરણને નુકસાનકર્તાછે, તેમજ ખેત ઉત્પાદનમાં પણ વધારો નથી થતો. જ્યારે પ્રાકૃતિક ખેતી ગાય આધારિત, સરળતાથી અપનાવી શકાય તેવી, સસ્તીઅને ફાયદેમંદ છે. અનેકફાયદા કરાવનારીહોય છે. દેશીગાયના ગૌમૂત્રઅને ગોબર થી તથા ખેડૂતના ઘરમાં ઉપલબ્ધ ગોળ અને બેસન જેવી ઘરેલુ સામગ્રીથી જ જીવામૃત અને ઘનજીવામૃત તૈયાર થઈજાય છે.

પ્રાકૃતિક ખેતી પદ્ધતિ સૂક્ષ્મ જીવાણુ, મિત્ર કીટક, ગાય અને દેશીઅળસિયા આધારિતખેતી છે. દેશી ગાયના ગૌમૂત્ર-ગોબર થી સૂક્ષ્મ જીવાણુઓની માત્રા વધે છે, જેના થી ધરતી ફળદ્રુપ બને છે. અળસિયાઅને મિત્રકીટક ધરતીનો ઓર્ગેનિક કાર્બન વધારેછે. ભૂમિની ગુણવત્તા સુધરે છે. ખેડૂતોને બહારથી કોઈ જ વસ્તુઓ લાવીને પાકમાં નાખવાની જરૂર નથી, એટલેખર્ચ પણ ઓછો આવેછે અને ઉત્પાદન વધે છે એમ તેમણે ઉમેર્યું હતું. રાજ્ય પાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મિશન મોડ પર પ્રાકૃતિક કૃષિ અપનાવવા માટે અને તેના પ્રસાર માટે કામગીરી કરવા અનુરોધ કર્યો છે. વડાપ્રધાનશ્રીના સતત માર્ગદર્શનમાં રાજ્ય સરકાર ગુજરાતમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધે તે માટે નિષ્ઠાપૂર્વક પ્રયત્નશીલ છે. રાજ્યના જિલ્લાઓમાં પાંચ ગામોના ક્લસ્ટર બનાવીને પ્રાકૃતિક ખેતી માટે ખેડૂતોને તૈયાર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. સખીમંડળની બહેનોનેપણ પ્રાકૃતિક ખેતીનું પ્રશિક્ષણ આપીને આ કાર્યમાં સામેલ કરવામાં આવી છે. ATMA(આત્મા)ના કર્મચારીઓ અને પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતો દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની તાલીમ આપવામાં આવી રહી છે.

આજે ગુજરાતમાં ૯,૨૮,૦૦૦ જેટલા ખેડૂતોએપ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવી છે. આ વર્ષે નવા ૧૦ લાખ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ સાથે જોડવાનો રાજ્ય સરકારનો લક્ષ્યાંક છે. વધુને વધુ ખેડૂતો ઝડપથી પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવે એ અત્યારના સમયની માંગ છે એમ તેમણે ઉમેર્યું હતું. રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક ખેતીનુંવિજ્ઞાનવાર પ્રશિક્ષણ પૂરું પાડીને સૌ ઉપસ્થિત ખેડૂતોને પ્રાકૃતિક ખેતી જ કરવાનો સંકલ્પ લેવા અનુરોધ કર્યો હતો. રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક ખેતી કરી રહેલા ખેડૂતો સાથે સંવાદ પણ સાધ્યો હતો. ખેતી બેંકની વાર્ષિક સામાન્ય સભામાં ઉપસ્થિત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ પોતાના ઉદબોધન માં જણાવ્યું હતું કે, રાજ્ય પાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના માર્ગદર્શનમાં આજે ગુજરાતમાં કૃષિક્ષેત્રે નવીન પરિવર્તનનો દોર ચાલી રહ્યો છે. રાજ્યપાલશ્રીના ચોક્કસ દિશામાં સતત પ્રયત્નો અને માર્ગદર્શનને કારણે આજે રાજ્યના ખેડૂતો ઝેરયુક્ત રાસાયણિક ખેતી છોડીને પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે. વધુમાં વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે, જો આપણે આપણી આવનારી પેઢીઓને સુરક્ષિત જીવન આપવું હશે તો ખૂબ જ ઝડપથી સિમેન્ટ-કોંક્રિટના જંગલોમાંથી બહાર આવીને ખરા અર્થમાં જંગલો વધારવા પડશે તેમજ પ્રકૃતિના સાનિધ્યમાં જવું પડશે. જો આપણે આજે આપણી ધરતીને નહીં બચાવીએ તો આવતાર્યા સમયમાં જમીનમાં પોષકદ્રવ્યો રહેશે નહીં અને અનાજનું ઉત્પાદન ઘટીજશે. આથી પ્રાકૃતિક કૃષિ અપનાવીને જમીન અને તેની સાથે સાથે આપણે હવા અને પાણીને પણ શુદ્ધ બનાવવાનું કાર્ય સત્વરે હાથ ધરવું પડશે. વિધાનસભાના અધ્યક્ષશ્રીએ વાર્ષિક સામાન્ય સભા સાથે જ પ્રાકૃતિક કૃષિ પરિસંવાદના ખેતી બેંકના આયોજનને બિરદાવ્યું હતું તથા સિડબોલ અભિયાનનો ઉલ્લેખ કરીને પર્વતોને હરિયાળા બનાવવાઅને જંગલોવધારવામાટે કેવી રીતે કાર્ય કરી શકાય તે સમજાવ્યું હતું. ખેતીબેંકના અધ્યક્ષ શ્રી ડોલરભાઈ કોટેચાએઆ પ્રસંગે સવગત પ્રવચન કરતા સૌને ચૌધરીએ પ્રારંભ કરાવ્યો હતી. ખેતી બેંકની ૭૨મી વાર્ષિક સામાન્ય સભા પ્રસંગે ગુજરાત કો ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશનના અધ્યક્ષ શ્રી શામળભાઈ પટેલ, ગુજરાતરાજ્ય સહકારી સંઘના અધ્યક્ષ શ્રી ધનશ્યામભાઈ અમીન, મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી દેવાંગભાઈ દાણી, હાઉસિંગ ફાઇનાન્સ કોર્પોરેશનના અધ્યક્ષ શ્રી દેવરાજભાઈ ચિખલીયા, ખેતી બેંકના ઉપાધ્યક્ષ શ્રી જીવણભાઈ આહીર સહિત ખેતી બેંકના અધિકારીઓ, કર્મચારીઓ, હોદેદારો અને મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

- પ્રાકૃતિક ખેતી ગાય આધારિત, સરળતાથી અપનાવી શકાય તેવી, સસ્તી અને પર્યાવરણને અનેક ફાયદા કરાવનારી છે.
- ગુજરાતમાં ૯,૨૮,૦૦૦ જેટલા ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવી છે. આ વર્ષે નવા ૧૦ લાખ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ સાથે જોડવાનો લક્ષ્યાંક રાજ્ય સરકારનો લક્ષ્યાંક

કમલમ્ ન્યુઝ,

ગાંધીનગરમહાનગરપાલિકાના મેયર શ્રીમતી મીરાબેન પટેલ એ બોચાસણવાસી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા (BAPS) સંચાલિત અક્ષરધામ ખાતે રવિસભામાં ઉપસ્થિત રહ્યા હતા. જે માં નવનિયુક્ત પદાધિકારીઓનું સન્માન કરવામાં આવ્યું હતુ. આ અવસરે મેયરશ્રીએ શ્રી નીલકંઠવર્ણી મહારાજનેઅભિષેક કર્યોતેમજ ભગવાનશ્રી સ્વામિનારાયણ નાદર્શન કરીને સૌના જીવનમાંસુખ, શાંતિ અને સમૃદ્ધિની પ્રાર્થના કરીહતી. આ વેળાએ નવનિયુક્ત પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્ ન્યુઝ,

ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રીમતી મીરાબેન પટેલએ સેક્ટર ૧ ખાતેઆવેલ શ્રી ગાયત્રી શક્તિપીઠઅને શ્રી મહાકાલેશ્વર મહાદેવ મંદિર ખાતે દર્શન કર્યા. આ અવસરે મેયરશ્રીએ શ્રી ગાયત્રી માતા અને દેવાધિદેવ મહાદેવ જીને સૌના મંગલમય જીવનની પ્રાર્થના કરી હતી.

કમલમ્ ન્યુઝ,

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં સ્માર્ટ સિટી યોજના અંતર્ગત ગટર નાનવીનીકરણની કામગીરીપાટનગર યોજના દ્વારાપ્રગતિમાં છે. જે અંતર્ગત મેયર શ્રીમતીમીરાબેન પટેલએ સેક્ટર ૧ ખાતે ચાલતા ગટરની કામગીરીનું સ્થળ નિરીક્ષણકર્યું હતું. આ દરમ્યાન મેયરશ્રી એ સમય મર્યાદામાં કામગીરી પૂર્ણ થાય તેમજ આ તમામ કામગીરી સમયે વસાહતીઓને મુશ્કેલી ના પડે તે અંગે સંબંધિત અધિકારીઓ - કર્મચારીઓને સૂચના આપી હતી.

સાંસદ શ્રી ભરતભાઈ સુતરિયા, વિધાનસભા નાયબ મુખ્ય દંડકશ્રી કૌશિકભાઈ વેકરિયા ની ઉપસ્થિતિમાં અમરેલી નગરપાલિકા ખાતે રોડ સ્વીપર, ડોર-ટુ-ડોર કચરા કલેક્શન વ્હીકલ સહિતના વાહનોનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો

રોડ સ્વીપર, ડોર-ટુ-ડોર કચરા કલેક્શન વ્હીકલ સહિતના નવા વાહનો થકી શહેરની સ્વચ્છતા વધારવામાં મદદ મળશે : વિધાનસભા નાયબ મુખ્ય દંડકશ્રી કૌશિકભાઈ વેકરિયા

વિધાનસભા નાયબ મુખ્ય દંડકશ્રી વેકરિયા અને પદાધિકારીશ્રીઓએ ડોર-ટુ-ડોર કચરા કલેક્શન

૧૧ વ્હીકલ, રોડ સ્વીપર ૨ મશીન, ટ્રેક્ટર વીથ ટ્રોલી ૨, રોબોટ જેસીબી વાહન ૧ સહિતના સફાઈ સાધનોનો લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યુ

અમરેલી નગરપાલિકાને સ્વચ્છ ભારત મિશન (શહેરી) ૧.૦ અંતર્ગત રૂ. ૧,૯૫,૭૦,૫૯૨ના વિવિધ વાહનોની ફાળવણી

કમલમ્ ન્યુઝ,અમરેલી

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સ્વચ્છ ભારત મિશન – ગ્રામીણ અને શહેરીની પ્રારંભ કરવામાંઆવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, 'સ્વચ્છ ભારત મિશન – શહેરી ૨.૦' નું લક્ષ્ય, શહેરોને સંપૂર્ણપણે કચરામુક્ત કરવાનું છે. સ્વચ્છ ભારત મિશન (શહેરી) ૧.૦ 'સ્વચ્છ ગુજરાત, સ્વચ્છ ભારત' અંતર્ગત અમરેલી સ્થિત નગરપાલિકા પ્રાંગણમાં વિધાનસભા નાયબ મુખ્ય દંડકશ્રી અને અમરેલી-કુંકાવાવ-વડિયા વિસ્તારના ધારાસભ્ય શ્રી કૌશિક ભાઈ વેકરિયા અને લોકસભા સાંસદ શ્રી ભરતભાઈ સુતરિયાની ઉપસ્થિતિમાં રોડ સ્વીપર, ડોર-ટુ-ડોરકચરા કલેક્શન વ્હીકલ સહિતના વાહનોના લોકાર્પણનો કાર્યક્રમ યોજાયોહતો. નાયબ મુખ્ય દંડકશ્રીવેકરિયાઅને વિવિધ પદાધિકારીશ્રીઓ સહિતનાઓએ ડોર-ટુ-ડોર કચરા કલેક્શન ૧૧ વ્હીકલ, રોડ સ્વીપર મશીન ૨, ટ્રેક્ટર વીથ ટ્રોલી ૨, રોબોટ જેસીબી વાહન ૧ ને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યુ હતુ. અમરેલી નગરપાલિકા ખાતે સફાઈ માટેના નવા વાહનોના લોકાર્પણ કાર્યક્રમમમાં વિધાનસભા નાયબ મુખ્ય દંડકશ્રીવેકરિયાએ જણાવ્યુ કે, રોડ સ્વીપર, ડોર-ટુ-ડોર કચરા કલેક્શન વ્હીકલ સહિતના નવા વાહનો થકી શહેર ની સ્વચ્છતા વધારવામાં મદદ મળશે, લોકોની જાહેર સુખાકારીમાં ઉમેરો થશે. રાજ્ય સરકાર દ્વારા અમરેલી નગરપાલિકાને નવા વાહનોની ફાળવણી કરવા બદલ રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. અમરેલી નગરપાલિકાને સ્વચ્છ ભારત મિશન (શહેરી) ૧.૦ અંતર્ગત શહેરી સ્વચ્છતામાં વધુ મદદ અર્થે રૂ. ૧,૯૫,૭૦,૫૯૨ની કિંમતના વિવિધ વાહનોની ફાળવણી કરવામાં આવીહતી. ઉલ્લેખનીય છે કે,રોડ સ્વીપર, ડોર-ટુ-ડોર કચરા કલેક્શન વ્હીકલ સહિતના નવા વાહનોના મદદ થકી શહેરમાં સ્વચ્છ તાલક્ષી વધુ સારી અને ગુણવત્તા સાથેની સેવા પૂરી પાડવામાં મદદ મળશે, લોકોની જાહેરસુખાકારીમાંપણ ઉમેરો થશે. રોડ સ્વીપર, ડોર-ટુ-ડોર કચરા કલેક્શન વ્હીકલ સહિતના વાહનોના લોકાર્પણ કાર્યક્રમમાં અમરેલી નગરપાલિકા પ્રમુખ શ્રી બીપીનભાઈ લીંબાણી, ઉપપ્રમુખ શ્રી બિનાબેન કાલેણા, કારોબારી ચેરમેન શ્રી ધરજીયા, અગ્રણી શ્રી મુકેશભાઈ સંઘાણી સહિતના પદાધિકારીશ્રીઓ-અધિકારીશ્રીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

શાળા પ્રવેશોત્સવ-કન્યા કેળવણી મહોત્સવના આયોજન અર્થે જિલ્લા કલેકટર શ્રી મહેશ પટેલના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સુબિર તાલુકાના બિલિયાંબા પ્રાથમિક શાળા ખાતે વિદ્યાર્થીઓને શાળા પ્રવેશ કરાવશે

ડાંગ જિલ્લામાં આંગણવાડી, ધો.૧, ધો.૯ તથા ધો.૧૧માં કુલ ૧૪,૩૬૭ ભુલકાઓ, વિદ્યાર્થીઓને મંત્રીઓ, પદાધિકારી, અધિકારીઓના હસ્તે શાળામાં પ્રવેશ આપવામાં આવશે

કમલમ્ ન્યુઝ,અમરનાથ જગતાપ

'સૌ ભણે, સૌ આગળ વધે' એવા ઉમદા આશયથી રાજ્ય સરકાર દ્વારા આગામી તા. ૨૬, ૨૭ અને ૨૮મી જૂન દરમિયાન સમગ્ર રાજ્યવ્યાપી શાળા પ્રવેશોત્સવનુ આયોજન કરાયું છે. શાળા પ્રવેશોત્સવના આ ૨૧ મા તબક્કામા રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સહિત વિવિધ કેબીનેટ અને રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ, વરિષ્ઠ અધિકારીઓ, સચિવશ્રીઓ તેમજ પદાધિકારીશ્રીઓ, રાજ્યની પ્રાથમિક શાળાઓમા બાળકોને શાળા પ્રવેશોત્સવ કરાવનાર છે. જે ના આયોજન અર્થે જિલ્લા કલેકટર શ્રી મહેશ પટેલના અધ્યક્ષ સ્થાને જિલ્લા સેવા સદનખાતે એક અગત્યની બેઠક યોજાઈ હતી. ડાંગ જિલ્લામાં ચાલુ વર્ષે જૂન-૨૦૨૪ થી શરૂ થતા શૈક્ષણિક સત્રમાં ૫૦૯૭ વિદ્યાર્થીઓને બાલવાટિકામાં, ધોરણ-૧ માં કુલ-૧૫૨, ધોરણ-૯ માં કુલ-૫૦૨૨ અને ધોરણ-૧૧ માં કુલ-૪૦૯૩ મળી જિલ્લામાં કુલ – ૧૪,૩૬૭ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવનાર છે. આ પ્રવેશોત્સવમાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા ગાંધીનગરથી ઉચ્ચ અધિકારીઓ તથા જિલ્લાના પદાધિકારી-અધિકારીઓ ત્રણ દિવસ રાજ્યભરની શહેરીતથા જિલ્લાની ગ્રામીણ શાળાઓમાં બાળકોને પ્રવેશ અપાવશે. દરમિયાન મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષ સ્થાને ગાંધીનગર ખાતેથી આયોજિત શાળા પ્રવેશોત્સવ-કન્યા કેળવણી મહોત્સવની દ્રશ્ય શ્રાવ્ય બેઠકમાં પણ સૌ જિલ્લા અધિકારીઓએ કાર્યક્રમ સંબંધિતમાર્ગદર્શન મેળવ્યું હતું. શાળા પ્રવેશોત્સવના પ્રથમ દિવસે રાજ્યના મુખ્ય મંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સંભવતઃ ડાંગ જિલ્લાના સુબિર તાલુકાના બિલિયાંબા પ્રાથમિક શાળા ખાતે સ્વયં ઉપસ્થિત રહી, ન વાંગતુક બાળકોને શાળા પ્રવેશ કરાવશે. મુખ્યમંત્રીશ્રીના આ કાર્યક્રમ સંદર્ભે, ડાંગ જિલ્લા કલેક્ટર શ્રી મહેશ પટેલસહિતના ઉચ્ચાધિકારીઓએ સ્થળ મુલાકાતકરી જરૂરી સમીક્ષા હાથ ધરીહતી. બેઠકમાંડાંગ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ નિર્મળાબેન ગાઈન, જિલ્લા પંચાયત શિક્ષણસમિતિના અધ્યક્ષ શ્રીમતિ બીબીબેન ચૌધરી સહિત જિલ્લા પોલીસ વડા શ્રી યશપાલ જગાણીયા, અધિક કલેક્ટર શ્રી બી.બી.ચૌધરી, નાયબવન સરક્ષક શ્રી રવિ રાજાકિષ્ના, શ્રી દિનેશ પરમાર, જિલ્લા શિક્ષણાધિકારી શ્રી જીગ્નેશ ત્રીવેદી સહિતના અધિકારીઓ ઉપસ્થિતરહ્યા હતા.

મહુવા તાલુકાના અનાવલ કુમાર છાત્રાલય ખાતે સિકલસેલ સ્ક્રીનીંગ તથા મેડીકલ કેમ્પ યોજાયો

કમલમ્ન્યુઝ,મયૂર પટેલ

૧૯ જૂન - વિશ્વ સિકલ સેલ દિવસ ની ઉજવણી અંતર્ગત મહુવાતાલુકાનાં અનાવલ ગામેસુરત જિલ્લા પંચાયત સંચાલિત છાત્રાલયના વિદ્યાર્થીઓના સિકલસેલ સ્કીનીંગ તથા મેડીકલ કેમપનું અનાવલના સાક્ષના કુમાર છાત્રાલય ખાતેમાનનીય ડી.ડી.ઓસાહેબ તથામાનનીય મુખ્યજિલ્લા આરોગ્ય અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠ કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જે માં હિજ્જેસ્યન, પિડયાટ્રીશીયન, ઇન્ટીલ , ઓપથેલો મોજિસ્ટ,આસિસ્ટન્ટ જેવોતજતોની હાજરીમાં મહુવાતાલુકા પ્રા.આ.કે. વહેવલના આરોગ્ય સ્ટાફ,આર.બી.એસ.કે.ટીમ, સિકલસેલ કાઉસિલર, લેબટેકનીસ્યન , તથાછાત્રાલયના શિક્ષાકોનાસહકાર થી ૩૭ બાળકોનું આરોગ્ય તપાસ કરવામાં આવ્યું. તથા જરૂરી સારવાર કરવામાં આવી. આ કેમ્પમાં મહુવા તાલુકાના હેલ્થ ઓફિસર શ્રીડો મનોજકુમાર ચૌધરી, વહેવલ.H.C નાઈન્ચાર્જ મેડિકલ ઓફીસર શ્રીડો. હિમાંશુ બી.પટેલ દ્વારા બાળકોને સિકલસેલવિશે માહિતી પૂરી પાડીહતી. અને કાર્યક્રમ ના અંતેછાત્રાલયના ગૃહપતિ ધીરૂભાઈ પટેલ દ્વારા સૌનો આભાર મન્યો હતો.

સર્વાંગી વિકાસનો સૌપ્રથમ પાયો શિક્ષણ જ છે :મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ

નિપુણ ભારત મિશનનાં અમલીકરણમાં આજે ગુજરાત સમગ્ર દેશમાં અગ્ર સ્થાને છે :શિક્ષણમંત્રી શ્રી કુબેરભાઇ ડિંડોર

‘ઉજવણી ઉલ્લાસમય શિક્ષણની’ ના ધ્યેય સાથે શાળા પ્રવેશોત્સવ-૨૦૨૪ના આયોજનને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આખરી ઓપ અપાયો

‘નમો લક્ષ્મી’- ‘નમો સરસ્વતી’ યોજનાના લાભ માટે જિલ્લા-તાલુકા ગ્રામ્ય કક્ષાની શાળાઓના વાલીઓને સમજણ આપવાનું દાયિત્વ નિભાવીએ.:મુખ્યમંત્રીશ્રી

ગ્રામ્ય થી શહેરી વિસ્તાર સુધી શિક્ષણનું સ્તર એકસમાન-સ્માર્ટ-ગુણવત્તાયુક્ત હોય તેના પર પ્રવેશોત્સવમાં ફોકસ કરવું છે. મુખ્યમંત્રીશ્રી

કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્ર પટેલે આ વર્ષે યોજનારા ૨૧મા શાળા પ્રવેશોત્સવદરમિયાન આંકડાકીય સિદ્ધિઓ કરતા બાળકના ભવિષ્ય માટે સારામાંસારું શું થઈશકે તેના પર વિશેષ ધ્યાન આપવાનો નિર્ધાર વ્યક્ત કર્યો છે. આ સંદર્ભમાં તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ત્રીજીવારના વડાપ્રધાન પદના કાર્યકાળમાં વિકસિત ભારતનો પાયો વધુ મજબૂત બનવાનો છે. વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતની આપણી પ્રતિબદ્ધતાને સાકાર કરવા શિક્ષણ જ સર્વાંગી વિકાસના પાયામાં સૌપ્રથમ છે તેમ તેમણે ઉમેર્યું હતું. “આપણે હવે શાળાઓમાં વિશેષ શું જોઈએ છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરવા સાથે ગ્રામ્ય સ્તરથી લઈને શહેરી વિસ્તારો સુધી એક સમાન સ્માર્ટ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ હોય તેના પર આ પ્રવેશોત્સવમાં ફોકસ કરવું છે’’ એમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું. રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા પાછલા બે દાયકાથી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની કન્યાકેળવણીની સંકલ્પના સાકાર કરવા શાળા પ્રવેશોત્સવ-કન્યાકેળવણી મહોત્સવ યોજવામાં આવે છે.

આ મહોત્સવની ૨૧મી કડી આગામી ૨૬ થી ૨૮ જૂન દરમિયાન ‘ઉજવણી ઉલ્લાસમય શિક્ષણની’ થીમ સાથે યોજાવાની છે. ૨૧મા શાળા પ્રવેશોત્સવમાં સહભાગી થનારા રાજય મંત્રીમંડળના મંત્રીશ્રીઓ તથા પદાધિકારીઓ, ઉચ્ચ અધિકારીઓ માટેની માર્ગદર્શનબેઠક મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગરમાં યોજવામાં આવી હતી. મુખ્ય સચિવ શ્રી રાજકુમાર અને વરિષ્ઠ આઈ.એ.એસ., આઈ.પીએસ., આઈ.એફ.એસ. અધિકારીઓ સહિત વર્ગ-૧ના અધિકારીઓ આ માર્ગદર્શન બેઠકમાં જોડાયા હતા. મુખ્ય મંત્રીશ્રીએ બેઠકમાં પ્રેરણાદાયી માર્ગદર્શન આપતાં કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યમાં દીકરીઓ માટે રહેલા સામાજિક, કૌટુંબિક, રૂઢિગત વિચારોને દૂર કરીને સહિયારા પ્રયાસોથી કન્યા શિક્ષણને વેગ આપ્યો છે. તેમના નિષ્ઠાવાન સફળ પ્રયાસોને પરિણામે આઠમાં ધોરણ પછી પણ દીકરીઓ ભણતી થઈ છે. એટલું જ નહીં, ગુજરાતમાં ડ્રોપઆઉટ રેશિયોમાં પણ મોટો ઘટાડો લાવી શકાયો છે. શ્રી ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું કે, વધુ ને વધુ દીકરીઓ ઉચ્ચ અભ્યાસમાં જોડાય તેને પ્રોત્સાહન આપવાં ‘નમો લક્ષ્મી’ અને વિજ્ઞાન પ્રવાહમાં વધુ બાળકો આવે તે માટે ‘નમો સરસ્વતી’ યોજના આપણે શરૂ કરી છે. તેનો મહત્તમ લાભ છેવાડા સુધી પહોંચાડવા પ્રવેશોત્સવમાં જનાર સૌ કોઈ ગ્રામ્ય, તાલુકા, જિલ્લા સ્તરે વાલીઓને આ યોજનાઓની સમજ આપે તે જરૂરી છે.

મુખ્યમંત્રીશ્રીએ નેશનલ એજ્યુકેશન પોલીસીનો અમલ કરનારા અગ્રીમ રાજ્યોમાં ગુજરાત એક છે અને વિકસિત ભારત ૨૦૪૭નો રોડમેપ શિક્ષણના સર્વગ્રાહી વિકાસથી કંડારવાનું આયોજન છે તેની પણ ભૂમિકા આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ પ્રવેશોત્સવમાં જનારા સૌને ખાસ અનુરોધ કર્યો કે, તેઓ જે શાળાની મુલાકાત લે ત્યાંની મૂળભૂત જરૂરીયાતો-બેઝિક નીડની ખૂટતી કડીઓ હોય તો તે પણ તેમના ફીડબેકમાં આપે. આવી ખૂટતી કડી ત્વરાએ પૂર્ણ થાય તે માટેના પ્રયત્નો શિક્ષણ વિભાગ સંબંધિત વિભાગો સાથે સંકલનમાં રહીને કરે તેમ પણ તેમણે ઉમેર્યું હતું. તેમણે ઉમેર્યું કે, શાળા પ્રવેશોત્સવનો આ શિક્ષણ સેવાયજ્ઞ વધુ લોક ભાગીદારીથી ઉત્તરોત્તર સફળતા મેળવે તેવું દાયિત્વ આપણે સૌ સાથે મળીને નિભાવીએ. શિક્ષણમંત્રી શ્રી કુબેરભાઈ ડિંડોરે સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી શરૂ થયેલો શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ આજે ૨૧માં વર્ષમાં પ્રવેશ્યો છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ના અમલીકરણના ભાગરૂપે રાજ્ય સરકારે ગત વર્ષે બાલવાટિકા શરૂ કરી છે. આ પ્રવેશોત્સવ દરમિયાન બાલવાટિકામાં રાજયભરના આશરે ૧૧.૭૦ લાખથી વધુ બાળકો પ્રવેશ લેશે. આ ઉપરાંત ૩.૬૦ લાખથી વધુ બાળકો આ વર્ષે સીધાં પહેલા ધોરણમાં પ્રવેશ લેશે. તેમણે ઉમેર્યું હતું કે, આ વખતે શિક્ષણ વિભાગે આરોગ્ય વિભાગ સાથે સંકલન કરીને બાળકના જન્મ અને રસીકરણની વિગતો મેળવીને, દરેક પ્રવેશપાત્ર બાળકની ટેકનોલોજીના ઉપયોગથી ઓળખ કરી છે. પ્રવેશોત્સવ પહેલાંજ પ્રવેશ મેળવનાર બાળકોની નામ સાથેની યાદી જે તે શાળામાં ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ યાદી મુજબનાં તમામ બાળકોને આ વખતે પ્રવેશ આપવામાં આવશે. ચાઈલ્ડ ટ્રેકિંગ સિસ્ટમના માધ્યમથી પ્રવેશ બાદ પણ ’વિદ્યા સમીક્ષા કેન્દ્ર’ દ્વારા સતત મોનિટરિંગ કરીને આ બાળકો શિક્ષણ પૂર્ણ કરે તેની કાળજી લેવામાં આવશે. મંત્રીશ્રીએ કહ્યું હતું કે, છેલ્લાં થોડાંક વર્ષોમાં પ્રાથમિક શાળાઓની ભૌતિક સુવિધાઓની કાયાપલટ થઈ છે.

વર્લ્ડ બેંકની સહાયથી મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ અંતર્ગત અંદાજે ૧૫,૦૦૦ પ્રાથમિક અને ૫,૦૦૦ જેટલી માધ્યમિક શાળાઓમાં ૫૦,૦૦૦ ખૂટતા ઓરડાઓ, એક લાખ જેટલા સ્માર્ટ ક્લાસરૂમ તેમજ ૨૫,૦૦૦ જેટલી કોમ્પ્યુટર લેબ-સ્ટેમ લેબ જેવી સુવિધાઓ ટૂંક સમયમાં જ કાર્યાન્વિત થશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સહિત મંત્રીમંડળના સભ્યશ્રીઓએ શાળા પ્રવેશોત્સવ દરમિયાન બાળકોને આપવામાં આવનાર શૈક્ષણિક કીટ અંગેના ’લર્નિંગ કોર્નર’ની પણ આ પ્રસંગે મુલાકાત લઈને વિવિધ સાહિત્યની માહિતી મેળવી હતી. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ સચિવ ડૉ. વિનોદ રાવ દ્વારા શાળા પ્રવેશોત્સવ ૨૦૨૪-૨૫ના આયોજન તેમજ રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા શરૂ કરાયેલ નવીન ’નમો લક્ષ્મી યોજના’, ’નમો સરસ્વતી સાધના યોજના’ તથા હાલમાં કાર્યરત વિવિધ શૈક્ષણિક યોજના અંગે વિગતવાર પ્રેઝન્ટેશન પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. શિક્ષણ સચિવશ્રીએ ઉમેર્યું કે, રાજ્યકક્ષાએ વિદ્યાસમીક્ષા કેન્દ્ર કાર્યરત છે તે પેટર્ન પર વિદ્યાર્થીઓના ડેટા એનાલિસીસ અને ઓનલાઈન મોનિટરીંગ માટે શાળા પ્રવેશોત્સવ દરમિયાન જ જિલ્લા કક્ષાએ ૩૩ અને તાલુકા સ્તરે ૨૫૪ વિદ્યાસમીક્ષાકેન્દ્ર-ડેશબોર્ડ કાર્યરત કરાશે. સમગ્ર કાર્યક્રમનું બાયસેગના માધ્યમથી રાજ્યભરમાં જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં અધિકારીશ્રીઓ-શિક્ષકો જોડાયા હતા. આ પ્રસંગે ગુજરાતમાં શિક્ષણ વિભાગની સિદ્ધિઓ રજૂ કરતી એક ટૂંકી ફિલ્મનું પણ નિદર્શન કરવામાં આવ્યું હતું પ્રાથમિક શિક્ષણ નિયામક ડૉ. એમ.આઈ.જોષીએ સૌનો આભાર માન્યો હતો.

આંકડાકીય સિદ્ધિઓ નહીં-બાળક માટે સારમાં સારું શું હોઈ શકે તે આપવા પ્રયત્ન કરીએ : મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

બાલવાટિકાથી લઈને ધોરણ-૧૧ સુધી કુલ ૩૨.૩૩ લાખ વિદ્યાર્થીઓને શાળા પ્રવેશોત્સવમાં પ્રવેશ અપાશે.

- બાલવાટિકામાં પ્રવેશપાત્ર ૧૧.૭૩ લાખ
- ધોરણ-૮ થી ૯માં પ્રવેશપાત્ર ૧૦.૩૫ લાખ
- ધોરણ-૧માં પ્રવેશપાત્ર ૩.૬૨ લાખ
- ધોરણ-૧૦ થી ૧૧માં પ્રવેશપાત્ર ૬.૬૧લાખ

- શાળા પ્રવેશોત્સવ પહેલાં જ શાળાઓમાં પાઠ્યપુસ્તકો પહોંચાડવાનું આયોજન સફળતાપૂર્વક પૂરું થયું
- ધોરણ ૧ થી ૧૨ ના ૫.૪૫ કરોડ પુસ્તકો-બાલવાટિકાઓમાં ૧૨.૭૪ લાખ બુક્સ પહોંચાડી દેવામાં આવી

કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ૨૦૨૪-૨૫ માન. શિક્ષણમંત્રી શ્રી કુબેરભાઇ ડિંડોર નું પ્રવચન

- આપણા માનનીય વડપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે આપણા ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે તેઓશ્રીએ શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ શરૂ કરાવ્યો હતો. જે આ ૨૦ વર્ષ પુરા કરીને ૨૧ માં વર્ષમાં યોજાઇ રહયો છે.
- માનનીય નરેન્દ્રભાઈના એ વારસાને આગળ વધારતા માન.મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ ચાલુ વર્ષ આપણે પ્રાથમિક ઉપરાંત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ યોજી રહ્યા છીએ.
- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ ના અમલીકરણના ભાગરૂપે આપણે ગત વર્ષે બાલવાટિકા શરૂ કરી છે. પ્રવેશોત્સવ દરમિયાચન બાલવાટિકામાં ૧૧ લાખ ૭૦ હજાર કરતાં વધુ બાળકો પ્રવેશ લઈ રહ્યાં છે.
- આ ઉપરાંત, ૩ લાખ ૬૦ હજાર કરતાં વધુ બાળકો આ વર્ષે સીધાં પહેલા ધોરણમાં પ્રવેશ લઈ રહ્યાં છે.
- શિક્ષણ વિભાગના માર્ગદર્શન હેઠળ સમગ્ર શિક્ષા અભિયાન (SSA) દ્વારા ધો.-૧ થી ૨ .ના વિદ્યાર્થીઓ માટે જૂન-૨૦૨૪ થી અમલી બને તે રીતે NEP-2020 (નેશનલ એજ્યુકેશન પોલીસી ૨૦૨૦) માં સૂચવ્યા મુજબની પ્રવૃતિલક્ષી જ્ઞાન અને નિપુણ ભારત અંતર્ગત ૩૦ પ્રકારની અદભૂત અભ્યાસ સામગ્રી વિકસાવી છે. જે આનંદદાયી શિક્ષણ માટે ખૂબ ઉપયોગી થશે અને શિક્ષણમંત્રી શ્રી કુબેરભાઇ ડિંડોરે આ સામગ્રી વિગતે જોઇ છે. ધો.-૧ થી ૯ ના તમામ બાળકો માટે સમગ્ર દેશમાં પ્રથમ વખત પ્રોજેક્ટ પ્રવૃત્તિ બુક પણ આપવામાં આવી રહી છે.
- આ પ્રવેશોત્સવ દરમિયાન આપણે અંદાજે ધોરણ-૯ માં ૧૦ લાખ ૩૫ હજાર જેટલાં બાળકોને તેમજ ધોરણ-૧૧ માં ૬ લાખ ૬૦ હજાર કરતાં વધુ બાળકોને પ્રવેશ મેળવી રહ્યા છે.
- એટલું જ નહીં, પ્રવેશ લેનાર પ્રત્યેક બાળક ધોરણ ૧૨ સુધીનું શિક્ષણ પોતાની ઇચ્છા મુજબ પૂર્ણ કરે, નબળી આર્થિક સ્થિતિ કોઈ બાળકના શિક્ષણમાં અવરોધરૂપ ન બને તે માટે વિવિધ યોજનાઓ શરૂ કરવામાં આવી છે.
- સને ૨૦૦૦થી આપણે ત્યા ઉદારીકરણ ખાનગીકરણની નવી આર્થિક નીતિ આવ્યા પછી વીસ વર્ષ નવી શિક્ષણ નીતિ આપણા વૈશ્વિક નેતા, દેશનાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીજી લઇને આવ્યા.
- આ નવી શિક્ષણ નીતિ મુજબ શાળા શિક્ષણમાં અભ્યાસક્રમ (બ્લૂમ્સ ટેક્સોનોમી) મુજબ શિક્ષકોને શીખવાની અને મૂલ્યાંકન પદ્ધતિઓની ચર્ચા કરવા અને વિનિમય કરવા માટે એક સામાન્ય ભાષા પ્રદાન કરવા માટે શિક્ષણ પદ્ધતિ વિકસાવવામાં આવી છે (ગોખણપટ્ટી નહી), બાળકોનો સંપૂર્ણ (Holistic) વિકાસ (માત્ર વધુ ગુણાંક નહી) અભ્યાસક્રમનો બોજ ઘટાડીને બાળકોમાં સમીક્ષાત્મક ચિંતન વિકસે, તેવી જોગવાઇ સ્થાનિક અને માતૃભાષામાં શિક્ષણ, બાળકોમાં કૌશલ્ય વિકાસ, બાળકોનું મુલ્યાંકન ગુણાંક (માર્ક્સ)નાં આધારે નહી. પરંતુ વિકાસની રીતે કરવું એ ઉદ્દેશ્યથી માન.વડાપ્રધાનશ્રી દ્વારા દેશમાં “પાયાની સાક્ષરતા અને અંકજ્ઞાન” માટે રાષ્ટ્રીય કક્ષાએ “નિપુણ ભારત મિશનઃ ની શરૂઆત કરવામાં આવેલ છે.
- માન. વડાપ્રધાનશ્રીનાં શબ્દોને ટાંકતા શિક્ષણમંત્રી શ્રી કુબેરભાઇ ડિંડોરે કહ્યુ કે પ્રારંભિક ભાષાનું જ્ઞાન અને અંકજ્ઞાન, બાળકોમાં વાંચન ગણનની ક્ષમતાનો વિકાસ એ ખૂબ આવશ્યક છે. બાળક આગળ જઇને શીખવા માટે વાંચન (Read to learn) કરે તે માટે જરૂરી છે કે શરૂઆતમાં તે વાંચતા (learn to Read) શીખે. learn to Read થી Read to learn ની યાત્રા પાયાની સાક્ષરતા અને અંકજ્ઞાનનાં માધ્યમથી પૂરી કરવામાં આવશે.”
- માન. મુખ્યમંત્રીશ્રીનાં માર્ગદર્શન હેઠળ નિપુણ ભારત મિશનના તર્જ પર ગુજરાતમાં નિપુણ ગુજરાત મિશન કાર્યરત કરવામાં આવ્યું છે શિક્ષણમંત્રી શ્રી કુબેરભાઇ ડિંડોરે જણાવ્યુ કે મને આનંદ થાય છે કે નિપુણ ભારત મિશનનાં અમલીકરણમાં આજે ગુજરાત સમગ્ર દેશમાં અગ્ર સ્થાને છે.
- NEP (નેશનલ એજ્યુકેશન પોલીસી ૨૦૨૦) પ્રમાણે ચાલુ શૈક્ષણિક વર્ષમાં બાળકોને NCF (રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક) SCF (સપ્લાય ચેઇન ફાઇનાન્સ) મુજબ તૈયાર કરવામાં આવેલ અધ્યયન સંપુટ, પ્રોજેક્ટ બુક, ચિત્રપોથી, લેખનપોથી, નોટબુક્સ, વિદ્યાપ્રવેશ વગેરે આપવામાં આવ્યા છે તેમજ NEP (નેશનલ એજ્યુકેશન પોલીસી
- ૨૦૨૦) માં સૂચવ્યા અનુસાર વર્ગખંડ માટે ચાર્ટ, પોસ્ટર, વાર્તા સંગ્રહ, બોર્ડ બુક્સ અને અનેક પ્રકારની પ્રવૃત્તિ આધારિત અભ્યાસ સામગ્રીની શિક્ષણની કીટ શાળાઓમાં આપવામાં આવી છે. આ ઉપરાંત શિક્ષકો અને શાળાઓ માટે ખાસ તાલીમ અને તે માટેનું સાહિત્ય પણ તૈયાર કરેલ છે.
- આ તમામ સામગ્રી નવી શિક્ષણ નીતિ પ્રમાણે તૈયાર થયેલ NCF (રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક) અને SFC (સપ્લાય ચેઇન ફાઇનાન્સ) સાથે સંલગ્ન છે અને આ મુજબની સામગ્રી તૈયાર કરવામાં ગુજરાત રાજ્ય દેશમાં સૌથી અગ્રેસર છે તે આપણા સૌના માટે ગૌરવની વાત છે.
- ખાનગી શાળાઓમાં લાખો રૂપિયા ફી લેતી સંસ્થાઓમાં પણ જે શૈક્ષણિક સાધન સામગ્રી ઉપલબ્ધ કરાવી શક્યા નથી તેવી સામગ્રી સરકારી શાળાઓના લાખો બાળકોને રાજ્ય સરકાર દ્વારા વિનામુલ્યે આપવામાં આવે છે જેના પરિણામ સ્વરૂપે આજે કેટલાક બાળકો ખાનગી શાળાઓ છોડીને સરકારી શાળામાં પ્રવેશ લઇ રહ્યા છે જે આપણા સૌના માટે ગૌરવની બાબત છે.
- આ તમામ સામગ્રી ભારત સરકાર દ્વારા બાળક દીઠ આપવામાં આવતા નિયત બેજટમાં જ તૈયાર કરવામાં આવી છે. જે માન. મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન નીચે રાજ્ય સરકારની પારદર્શક વહીવટી કાર્યશૈલી દર્શાવે છે.
- પ્રવેશોત્સવ દરમિયાન આપ શાળાઓમાં જશો ત્યારે તમામ સામગ્રી લર્નિંગ કોર્નર તરીકે પ્રદર્શિત કરેલ હશે. શાળાઓમાં આ સામગ્રી જોયા બાદ આપ આપનો પ્રતિભાવ પણ આપશો. જેથી કામગીરીમાં ઉત્તરોત્તર સુધારો થઈ શકે તેમજ આપના પ્રતિભાવ થકી માન. મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ થયેલ રાજ્ય સરકારની શ્રેષ્ઠ કામગીરીની જાણકારી બાળકોના માતા-પિતા (વાલીઓ) સમાજનાં છેવાડાનાં લોકો સુધી પહોંચે.
- આગામી વર્ષ દરમિયાન શિક્ષણ વિભાગ "ડેટા નહિ ડીટેલ, રિપોર્ટ નહિ રીઝલ્ટ અને પ્રેઝન્ટેશન નહિ પર્ફોમન્સ" ના સંકલ્પ સાથે માન. મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ ગ્રાઉન્ડ લેવલ પર પૂરી કટિબદ્ધતા સાથે કાર્ય કરવાની શિક્ષણ વિભાગની તૈયારી છે.
- આ વખતના પ્રવેશોત્સવ દરમિયાન બાળકોના પ્રવેશ ઉપરાંત ગુણવત્તાલક્ષી શિક્ષણ સંદર્ભે પણ કેટલીક કામગીરી પણ કરવામાં આવશે.
- ગુણોત્સવ ૨.૦ અંતર્ગત શાળાને આપવામાં આવેલું રિપોર્ટ કાર્ડ જોઈને શાળાની શૈક્ષણિક સ્થિતિ સુધારવા શિક્ષકો અને વાલીઓ સાથે સંવાદ કરવામાં આવશે.
- રાજ્ય કક્ષાએથી લેવામાં આવતી સત્રાંત કસોટીઓ અને સામયિક મૂલ્યાંકન કસોટીઓમાં બાળકોએ મેળવેલ સિદ્ધિ અંગે પણ શિક્ષકો સાથે ચર્ચા કરવામાં આવશે.
- આપને આપવામાં આવેલી કીટમાં શિક્ષણ વિભાગની સિદ્ધિઓ વિષેની માહિતી પણ છે. પ્રવેશોત્સવ દરમિયાન ગામલોકો અને વાલીઓ સાથે આ સિદ્ધિઓની ચર્ચા પણ કરવામાં આવશે.
- શાળા મુલાકાત દરમિયાન આપે કરેલાં અવલોકન નોંધવા માટે આપને શાળા દીઠ એક નિરીક્ષણ ફોર્મ આપવામાં આવશે. એ ફોર્મમાં આપનાં અવલોકનો નોંધવા અને જરૂરી સૂચનો નોંધવા વિનંતી છે. શિક્ષણ વિભાગ માટે આપના સૂચનો બહુ આવકાર્ય અને મૂલ્યવાન છે.

આવો આપણે સૌ સાથે મળીને કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવના પુણ્ય કાર્યમાં જોડાઇને માન.પ્રધાનમંત્રીના ૨૦૪૭ ના વિકસિત ભારતના સંકલ્પને સાર્થક બનાવીએ:શિક્ષણમંત્રી શ્રી કુબેરભાઇ ડિંડોર

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028